RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 11, Dt.23-03-2024 Saturday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ૮ કરોડ લોકોને રેશનકાર્ડ આપવા સરકારને સૂપ્રીમનો આદેશ

## જે લોકો કેન્દ્ર સરકારના ઈ શ્રમ પોર્ટલ પર રજિસ્ટર છે તેવા લોકોને બે મહિનાની અંદર રેશન કાર્ડ બનાવી આપવામાં આવેઃ રેશનકાર્ડ બની જવાથી આવા લોકોને કેન્દ્ર અને રાજ્ય સરકારોની યોજનાઓ અને રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ ૨૦૧૩ હેઠળ લાભ મળી શકશે



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સુપ્રીમ કોર્ટે તાજેતરમાં પોતાના એક નિર્ણયમાં રાજ્ય સરકારો અને કેન્દ્રશાસિત પ્રદેશોને આદેશ આપ્યો છે કે જે લોકો કેન્દ્ર સરકારના ઈ-શ્રમ પોર્ટલ પર રજિસ્ટર્ડ છે અને અસંગઠિત ક્ષેત્રોમાં કામ કરે છે તેવા લોકોને બે મહિનાની અંદર રેશન કાર્ડ બનાવીને આપો. આવા લોકોની સંખ્યા લગભગ ૮ કરોડ છે. રેશન કાર્ડ બની જવાથી આવા લોકોને કેન્દ્ર અને રાજ્ય સરકારોની યોજનાઓ અને રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ ૨૦૧૩ હેઠળ લાભ મળી શકશે.

એક અહેવાલ પ્રમાણે જસ્ટિસ હિમા કોહલી અને જસ્ટિસ અહસાનુદ્દીન અમાનુલ્લાહની ખંડપીઠે સામાજિક કાર્યકર્તા હર્ષ માંડર, અંજલિ ભારદ્વાજ અને જગદીપ છોકરની અરજી પર આ આદેશ આપ્યો છે. અરજીમાં સંઘ અને કેટલાક રાજ્યો દ્વારા સૂકા રાશન પર ૨૦૨૧ માં જારી સર્વોચ્ચ અદાલતના નિર્દેશોનું પાલન ન કરવાનો આરોપ લગાવવામાં આવ્યો હતો.

૨૦૨૧ના પોતાના આદેશમાં સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે સૂકું રાશન આપતી વખતે રાજ્ય એવા પ્રવાસી મજૂરો પાસેથી ઓળખ કાર્ડ નહીં માંગશે કે જેમની પાસે રેશન કાર્ડ નથી. ત્યારબાદ કોર્ટે કોરોના મહામારી દરમિયાન રાષ્ટ્રીય રાજધાની દિલ્હી સહિત અન્ય શહેરોમાં ફસાયેલા પ્રવાસી મજૂરોને માત્ર સ્વ-ઘોષણાના આધાર પર જ સૂકા રાશન આપવાનો આદેશ આપ્યો હતો.

ગત વર્ષે એપ્રિલમાં જસ્ટિસ એમ.આર. જસ્ટિસ શાહ અને જસ્ટિસ અહસાનુદ્દીન અમાનુલ્લાહની ખંડપીઠે રાજ્ય સરકારોને એવા પ્રવાસી અથવા અસંગઠિત મજૂરોને ત્રણ મહિનાની અંદર રેશનકાર્ડ આપવાનો આદેશ આપ્યો હતો કે જેમની પાસે રેશન કાર્ડ નથી પરંતુ કેન્દ્રના ઈ-શ્રમ પોર્ટલ પર રજિસ્ટર્ડ છે. આ પોર્ટલ મુખ્યત્વે તમામ અસંગઠિત શ્રમિકોના જરૂરી ડેટાની નોંધણી, રજિસ્ટ્રેશન, સંગ્રહ અને ઓળખ માટે બનાવવામાં આવ્યા છે.

તેના પર કડક વલણ અપનાવતા સુપ્રીમ કોર્ટે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને બે મહિનામાં પોર્ટલ પર રજિસ્ટર્ડ લગભગ આઠ કરોડ લોકોને રેશન કાર્ડ આપવાનો આદેશ આપ્યો છે. કોર્ટે પોતાના નિર્ણયમાં રાજ્યોને ચેતવણી પણ આપી છે કે eKYC રેશનકાર્ડ જારી કરવાના માર્ગમાં કોઈ અવરોધ ન બનવો જોઈએ.

# મોસ્કોમાં આતંકી હુમલોઃ ૬૦થી વધુના મોત

## આઈએસઆઈએસએ લીધી જવાબદારીઃ ગોળીબાર અને વિસ્ફોટકોથી કર્યો ભિષણ હુમલો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**



રશિયામાં પ્રમુખપદે વ્લાદીમીર પુટીનની વધુ મજબૂતાઈથી પાંચમી જીતના એક જ સપ્તાહમાં મોસ્કોના એક કન્સર્ટ હોલમાં ઘુસેલા ચાર આતંકીઓએ ઓટોમેટીક શસ્ત્રોથી આડેધડ ગોળીબાર તથા હેન્ડગ્રેનેડ વિસ્ફોટ અને આગ લગાવે તેવા ધડાકા કરતા ૬૦થી વધુ લોકોના મોત થયા છે અને ૧૪૫થી વધુ ઘાયલ થયા છે.

આ હુમલાની જવાબદારી આઈએસઆઈએસ આતંકી સંગઠને લીધી છે તો બીજી તરફ રશિયાએ આ હુમલાને યુક્રેન યુદ્ધ સાથે જોતા તેનો અમેરિકા સાથેનો તનાવ વધ્યો છે. રાષ્ટ્રપતિ પુટીને આ હુમલા માટે જવાબદારને આકરો જવાબ આપવાની ચેતવણી આપી છે તો બીજી તરફઅમેરિકાએ જાહેર કર્યુ છે કે, આ પ્રકારના હુમલા અંગે અમોએ પહેલા જ રશિયાને એલર્ટ કર્યુ હતું.

રશિયાએ અગાઉ એક થિયેટર પર થયેલા આ પ્રકારના ભીષણ હુમલાની યાદ તાજી કરાવતા આ આતંકી કૃત્યમાં રશિયન સૈન્યના યુનિફોર્મમાં સજ્જ ચાર આતંકીઓએ મોસ્કોના બહારના ક્ષેત્રમાં આવેલા એક સભા હોલમાં આ હુમલો કર્યો હતો. આ હુમલાના સૂત્રધાર જેવા ત્રાસવાદીઓ ૬૦૦૦થી વધુ લોકોને સમાવતી ક્ષમતા ધરાવતા હોલમાં ઘુસીને વિસ્ફોટકો ફેકયા હતા અને અંધાધુંધ ગોળીબાર કર્યો હતો અને બાદમાં હોલમાં આગ પણ ફાટી નીકળતા જબરી અફડાતફડી સર્જાઈ હતી.

આ હોલમાં ઈસાઈ લોકોની એક મોટી સભા યોજાઈ હતી. સફેદ રેનોલ્ટ કારમાં આવેલા ત્રાસવાદીઓએ આ હુમલો કર્યો હતો રાષ્ટ્રપતિ પુટીનના પ્રવક્તાએ કહ્યું કે બચાવ કાર્યમાં રાષ્ટ્રપતિ સજ્જ નજર રાખી રહ્યા છે અને રશિયાના નેશનલ ગાર્ડની ટુકડીઓ ઘટના સ્થળે દોડી ગઈ હતી તથા હુમલાખોરોની તલાશી શરૂ કરી છે. આ કાર્યક્રમ રશિયાના વિખ્યાત રોક બેન્ડ 'પીકનીક' દ્વારા આયોજીત કરાયો હતો.આ હુમલા બાદ ન્યુયોર્ક ટાઈમ્સના રિપોર્ટ મુજબ સિરીયામાં સક્રીય આઈએસઆઈએસ સંગઠને આ હુમલાની જવાબદારી સંભાળી છે.

# ઈડી બાદ ભ્રષ્ટાચારના કેસમાં સીબીઆઈ કેજરીવાલનું ગળુ પકડે તેવા નિર્દેશ

## ચૂંટણી સુધી અરવિંદ કેજરીવાલ બહાર ન આવે તેવા સંજોગો ઉભા થયા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**



દિલ્હી શરાબ નીતિમાં ભ્રષ્ટાચાર મામલે એનફોર્સમેન્ટ ડીરેક્ટોરેટ (ઈડી)એ દિલ્હીનાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડ કરીને ૨૮ મી સુધીનાં રીમાંડ મેળવ્યા છે. ઈડીનાં રીમાંડ પૂર્ણ થયા બાદ સીબીઆઈ તેમના વિરૂદ્ધ કાર્યવાહી શરૂ કરે તેવા નિર્દેશ સાંપડયા છે.

સુત્રોએ કહ્યું કે, નાયબ મુખ્યમંત્રી મનીષ સીસોદીયા તથા અન્ય નેતાઓની ભ્રષ્ટાચાર કાયદામાં અગાઉ જ ધરપકડ થઈ છે અને તે કેસમાં તપાસ માટે સીબીઆઈ તેમના વિરૂદ્ધ કાર્યવાહી શરૂ કરે તેવા નિર્દેશો સાંપડયા છે.

સુત્રોએ કહ્યું કે, નાયબ મુખ્યમંત્રી મનીષ સીસોદીયા તથા અન્ય નેતાઓની ભ્રષ્ટાચાર કાયદામાં અગાઉ જ ધરપકડ થઈ છે અને તે કેસમાં તપાસ માટે સીબીઆઈ કેજરીવાલની કસ્ટડી માંગી શકે છે. આ કેસમાં પણ ઈડી દ્વારા જ ગુનો દાખલ કર્યો હતો.

૨૦૨૧-૨૨ ની એકસાઈઝ પોલીસી સંલગ્ન આ ભ્રષ્ટાચાર કેસમાં સીબીઆઈએ અગાઉ કેજરીવાલની ૯ કલાક સુધી પુછપરછ કરી હતી. સીઆરપીસી કલમ ૧૬૦ હેઠળ નોટીસ પાઠવીને પકડાયેલા આરોપીઓનાં ખુલાસા વિશે કેજરીવાલનાં જવાબ માંગવામાં આવ્યા હતા અને ગુમ થયેલી ફાઈલો વિશે સવાલ કરવામાં આવ્યા હતા. પકડાયેલા શરાબ કારોબારી સમીર મહેન્દ્રુ વિશેનાં સંપર્ક વિશે પણ પૂછપરછ કરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, મની લોન્ડ્રીંગ કેસમાં મનીષ સીસોદીયાની જામીન અરજીનો વિરોધ કરવા સાથે સીબીઆઈએ અદાલતને એમ કહ્યું હતું કે આ કેસમાં હાઈ પ્રોફાઈલ લોકોની ધરપકડ થઈ શકે છે.

મુખ્ય સમાચાર
સાંધ્ય દૈનિક

### ધુળેટીના તહેવાર નિમિતે સોમવારે અંક બંધ રહેશે

ધુળેટીના તહેવાર નિમિતે તા.૨૫ને સોમવારના રોજ 'મુખ્ય સમાચાર' કાર્યલય રજા પાડશે જેથી તા.૨૫ને સોમવારનો અંક પ્રસિદ્ધ થશે નહીં. તા.૨૬ને મંગળવારનો અંક રાબેતા મુજબ પ્રસિધ્ધ થશે. જેની વાંચક મિત્રો, વિજ્ઞાપનદાતાઓ અને એજન્ટ મિત્રોએ નોધ લેવા વિનતિ છે.

**- મેનેજિંગ તંત્રી**

# દેશની તમામ જાહેર ક્ષેત્રની બેન્કોની NPAમાં ઘટાડો

## બેન્કોની ગ્રોસ નોન પરફોર્મિંગ એસેટ્સ ૩%ની રેન્જમાં રહેશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**




દેશમાં જાહેર ક્ષેત્રની બેન્કોના પ્રદર્શનમાં સતત સુધારો થઇ રહ્યો છે. છેલ્લા છ મહિના દરમિયાન દેશની તમામ જાહેર ક્ષેત્રની બેન્કની નોન પરફોર્મિંગ એસેટ્સમાં ઘટાડો નોંધાયો છે જ્યારે ખાનગી ક્ષેત્રની માત્ર ૬૭% બેન્કોમાં NPA ઘટી છે. ફિક્કી-IBA બેન્કર્સના સરવે અનુસાર ૭૭% બેન્કોએ તેમની NPAમાં ઘટાડો દર્શાવ્યો છે, જેમાં જાહેર ક્ષેત્રની બેન્કોની એસેટ ગુણવત્તામાં ખાનગી ક્ષેત્રની બેન્કો કરતાં વધુ સુધારો જોવા મળ્યો છે.

ફિક્કી-IBA બેન્કર્સ સરવેનો ૧૮મો રાઉન્ડ જુલાઇ-ડિસેમ્બર ૨૦૨૩ દરમિયાન યોજાયો હતો. આ સરવેમાં જાહેર, ખાનગી ક્ષેત્રની તેમજ વિદેશી બેન્કો સહિત કુલ ૨૩ બેન્કોએ ભાગ લીધો હતો. આ બેન્કો બેન્કિંગ ઇન્ડસ્ટ્રીના એસેટ કદના ૭૭% હિસ્સાનું પ્રતિનિધિત્વ કરે છે. સરવેમાં સામેલ અડધી બેન્કોને આશાવાદ છે કે આગામી છ મહિનામાં બેન્કોની ગ્રોસ નોન પરફોર્મિંગ એસેટ્સ ૩-૩.૫%ની રેન્જમાં રહેશે.

સરવે અનુસાર તમામ જાહેર ક્ષેત્રની બેન્કોએ NPAના સ્તરમાં ઘટાડો દર્શાવ્યો છે જ્યારે ૬૭% ખાનગી ક્ષેત્રની બેન્કોએ ઘટાડો નોંધાવ્યો છે. છેલ્લા છ મહિનામાં કોઇપણ જાહેર ક્ષેત્રની કે વિદેશી બેન્કોએ NPAના સ્તરમાં વધારો હોવાનું જણાવ્યું નથી જ્યારે ખાનગી ક્ષેત્રની ૨૨% બેન્કોએ તેમાં વૃદ્ધિ દર્શાવી છે. જે સેક્ટર્સમાં NPAનું ઊંચું સ્તર જોવા મળ્યું હતું તેમાં ફૂડ પ્રોસેસિંગ, ટેક્સટાઇલ્સ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર સામેલ છે.

સરવે અનુસાર ઇન્ફ્રાસ્ટ્રક્ચર, મેટલ્સ, આર્યન અને સ્ટીલ, ફૂડ પ્રોસેસિંગ જેવા સેક્ટર્સ માટે લાંબા ગાળાની ધિરાણ માંગમાં સતત ગ્રોથ જોવા મળી રહ્યો છે. ઇન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટરમાં ધિરાણનો પ્રવાહ સતત વધી રહ્યો છે. સરવેમાં સામેલ ૮૨% બેન્કો અનુસાર લાંબા ગાળાની લોનમાં વધારો થયો છે, જે ટકાવારી ગત રાઉન્ડ દરમિયાન ૬૭% હતી.

# છેલ્લા ૧૦ વર્ષમાં રાજકોટ અને અમદાવાદમાં સૌથી ગરમ દિવસો નોંધાયા

## પ્રદુષણ અને વધતી વસ્તી જવાબદારઃ રિપોર્ટમાં જાહેર કરાયા આંકડા

**મુખ્ય સમાચાર, અમદાવાદ**



ઉનાળાના પ્રારંભે જ સુર્ય નારાયણ આકરો મિજાજ દર્શાવવા લાગ્યા છે. કલાયમેટ ચેન્જના પ્રભાવ હેઠળ ગરમ દિવસોની સંખ્યા વધી રહી છે. છેલ્લા દસ વર્ષોમાં સૌથી ગરમ દિવસો રાજકોટ અને અમદાવાદમાં નોંધાયાનો રીપોર્ટ જાહેર થયો છે.

આજે વિશ્વ હવામાન દિવસ છે ત્યારે હવામાન વિભાગનાં આંકડાકીય રીપોર્ટમાં એવુ સુચવાય છે કે, ગુજરાતના શહેરોમાં મહતમ તાપમાનમાં સતત વધારો થઈ રહ્યો છે. પરંતુ ચેતવણીજનક બાબત એ છે કે ૨૦૨૩ થી ૨૦૨૪ ના છેલ્લા એક દાયકામાં સૌથી વધુ તાપમાનના દિવસોમાં વધારો થતો જાય છે.

રાજકોટને લાગે વળગે છે ત્યાં સુધી પાંચમાંથી ચાર હાઈએસ્ટ તાપમાન આ ગાળામાં નોંધાયા હતા. ૨૦૧૭ એપ્રિલમાં ૪૪.૮ ડીગ્રી તથા ૨૦૧૯ માં ૪૪.૭ ડીગ્રી તાપમાન નોંધાયુ હતું.

તાપમાનનાં આંકડાઓનાં વિશ્લેષણ પરથી એવુ તારણ નીકળે છે કે, શિયાળામાં પણ તાપમાનનો પારો ઘણો ઉંચો થવા લાગ્યો છે. પરીણામે શિયાળો પણ 'હુંફાળો' રહે છે જયારે ઉનાળો વધુને વધુ આકરો બનતો જાય છે.

હવામાન વિભાગનાં અધિકારીના કહેવા પ્રમાણે તાપમાન વૃધ્ધિ માટે અનેક પરિબળો જવાબદાર છે. શહેરી વિસ્તારો માટે વધતી વસતી, ગીચતા તથા પ્રદુષણ તાપમાનમાં વધારો કરે છે.માત્ર મહતમ જ નહિં ન્યુનતમ તાપમાન પણ વધતુ જાય છે. સુર્યાસ્ત બાદ પણ તાપમાન ઝડપથી નીચુ આવતુ નથી.

તાપમાનમાં કાયમી વધારો માલુમ પડતા લાંબો વખત લાગે પરંતુ તેમાં સતત વધારો થતો હોવાનું જોઈ શકાય છે અને તેની કૃષિથી માંડીને માનવીના આરોગ્ય પર પણ અસર થાય છે.રસપ્રદ વાત એ છે કે વડોદરા તથા સુરતનામહતમ તાપમાનમાં કોઈ મોટો વધારો થતો નથી અને તેથી રેન્જ જળવાઈ રહી છે.

# કેજરીવાલ અને રાઘવ ચઠ્ઠાની ગેરહાજરીમાં લોકસભાની ચૂંટણીની તમામ જવાબદારી હવે ભગવંત માન પર

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**



લોકસભા ચૂંટણીની વચ્ચે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડ આમ આદમી પાર્ટી માટે સૌથી મોટો ઝટકો છે. દરમિયાન લોકસભા ચૂંટણી અભિયાનની જવાબદારી પાર્ટીના મોટા ચહેરા ભગવંત માન, આતિશી, સૌરભ ભારદ્વાજ પર આવી જશે. આપ સાંસદ રાઘવ ચઠ્ઠા પોતાની આંખની સર્જરી કરાવવા માટે બ્રિટન ગયેલા છે. દરમિયાન આ વખતે તે પણ પંજાબમાં ચૂંટણી અભિયાનમાં સામેલ થઈ શકશે નહીં.

વિધાનસભા ચૂંટણીમાં પંજાબમાં પ્રચાર અભિયાનની કમાન રાઘવ ચઠ્ઠાના હાથમાં હતી અને પાર્ટીને જોરદાર જીત અપાવી હતી. દરમિયાન પંજાબમાં જો આપના મોટા ચહેરાની વાત કરીએ તો બસ મુખ્યમંત્રી ભગવંત માન જ વધ્યા છે.

દિલ્હી આબકારી નીતિ કૌભાંડ મામલે ઈડી તરફથી દિલ્હીના મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટી સંયોજક અરવિંદ કેજરીવાલની ધરપકડ કરવા પર પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યુ છે. તેમણે ઈડીની કાર્યવાહી પર પ્રશ્ન ઉઠાવતા કહ્યુ કે ઈડી ભાજપની રાજકીય ટીમ છે. ભાજપ કેજરીવાલના વિચારને કેદ કરી શકતી નથી કેમ કે આમ આદમી પાર્ટી જ ભાજપને રોકી શકે છે. વિચારને ક્યારેય પણ દબાવી શકાતા નથી.

મુખ્યમંત્રી માને કહ્યુ કે પાર્ટી આગામી ૫ દિવસમાં રાજ્યની બાકી ૫ લોકસભા બેઠકો માટે ઉમેદવારોની જાહેરાત કરશે. પોતાના ટ્વીટર દ્વારા તેમણે આ જાણકારી આપી. ઉલ્લેખનીય છે કે આપ પહેલાથી જ ૮ બેઠકો માટે ઉમેદવારોની જાહેરાત કરી ચૂક્યુ છે.અમૃતસરથી કુલદીપ સિંહ ધાલીવાલ, ખડૂર સાહિબથી લાલજીત સિંહ ભુલ્લર, જાલંધરથી સુશીલ કુમાર રિંકુ, ફતેહગઢ સાહિબથી ગુરપ્રીત સિંહ જી.પી., ફરીદકોટથી કરમજીત અનમોલ, બઠિંડાથી ગુરમીત સિંહ ખુડ્ડિયાં, સંગરૂરથી ગુરમીત સિંહ મીત હેયર અને પટિયાલાથી ડૉ. બલબીરને પાર્ટીએ મેદાનમાં ઉતાર્યા છે. લુધિયાણા, ગુરદાસપુર, આનંદપુર સાહિબ, ફિરોઝપુર અને હોશિયારપુર માટે ઉમેદવારોની જાહેરાત આગામી ૫ દિવસમાં કરવામાં આવશે.

માર્ચની શરૂઆતમાં જ પાર્ટીએ આગામી લોકસભા ચૂંટણી માટે 'સંસદ ચ વી ભગવંત માન, ખુશહાલ પંજાબ તે વધેગી શાન' સ્લોગનથી પોતાના ચૂંટણી અભિયાનની શરૂઆત કરી દીધી છે. પાર્ટીમાં હોશિયારપુર લોકસભા માટે કેબિનેટ મંત્રી બ્રહ્મ શંકર જિમ્પા અને તાજેતરમાં જ કોંગ્રેસથી આવેલા ડો. રાજકુમાર ચબ્બેવાલ, લુધિયાણાથી સરબજીત કૌર માણુકે અને ઉદ્યોગપતિ રાજેશ તાંગડી, આનંદપુર સાહિબથી પાર્ટીના મુખ્ય પ્રવક્તા માલવિન્દ્ર કંગ અને નરિન્દ્ર સિંહ શેરગિલ, ગુરદાસપુરથી રમન બહલ અને કેબિનેટ મંત્રી લાલ ચંદ કટારુચક્ક અને ફિરોઝપુરથી ગોલ્ડી બહલ અને ચરણજીત સિંહને ટિકિટના દાવેદાર માનવામાં આવી રહ્યા છે.

# ગ્રામીણ બેંકો માટે કેન્દ્ર સરકારનો મોટો નિર્ણય, પુનઃમૂડીકરણ યોજના હેઠળ ફાળવ્યા ૬૨૦૦ કરોડ રૂપિયા

## ગુજરાતની બે સહિત દેશની ૪૩ ગ્રામીણ બેંકોએ આર્થિક રીતે મજબૂત બનાવવા કેન્દ્ર સરકારે વધુ મૂડી ફાળવીઃ પ્રાદેશિક ગ્રામીણ બેંકોએ ૨૦૨૩-૨૪ના ત્રીજા ક્વાર્ટરમાં ૫૨૩૬ કરોડ રૂપિયાનો ચોખ્ખો નફો કર્યો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**



પ્રાદેશિક ગ્રામીણ બેંકોને મજબૂત કરવા માટે કેન્દ્ર સરકારે મોટી કામગીરી કરી છે. સરકાર ગ્રામીણ બેંકોના વિકાસ અને બહોળા પ્રમાણમાં લોકો તેનો લાભ લે, તે દિશામાં સતત કામ કરી રહી છે. આ જ ક્રમમાં સરકારે ગ્રામીણ બેંકને આર્થિક રીતે મજબૂત બનાવવા ૬,૨૧૨.૦૩ કરોડ રૂપિયાની ફાળવણી કરી છે. સરકારે પુનઃમૂડીકરણ યોજના હેઠળ ગ્રામીણ બેંકોને આ રકમ ફાળવણી છે. આ બેંકો જરૂરીયાત મુજબ મૂડીના ધારાધોરણોને પૂર્ણ કરી શકે તે હેતુથી યોજના મુજબ રકમ ફાળવવામાં આવે છે.

રકમની ફાળવણી કર્યા બાદ ગ્રામીણ બેંકોને મૂડી-જોખમ વેઇટેડ એસેટ રેશિયો નવ ટકા પર જાળવી રાખવામાં મદદ મળશે. અગાઉ આ રેશિયો ૨૦૨૩ની ૩૧ ડિસેમ્બરે ૧૩.૮૩ ટકા સાથે સર્વોચ્ચ સ્તરે નોંધાયો હતો. પ્રાદેશિક ગ્રામીણ બેંકોને નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩માં ૪૯૭૩ કરોડ રૂપિયાનો ચોક્કો નફો થયો હતો, જ્યારે વર્તમાન નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ના ત્રીજા ક્વાર્ટરમાં ૫૨૩૬ કરોડ રૂપિયાનો ચોખ્ખો નફો થયો છે.

RRB એ પ્રાદેશિક ગ્રામીણ બેંકની જેમ એક પ્રકારની કોમર્શિયલ બેંક છે. ભારત સરકાર વિવિધ રાજ્યોમાં પ્રાદેશિક સ્તરે તેમનું સંચાલન કરે છે. દેશમાં સૌપ્રથમ RRB ગાંધી જયંતિ પર એટલે કે ૨ ઓક્ટોબર ૧૯૭૫ના રોજ ઉત્તર પ્રદેશના મુરાદાબાદમાં શરૂ કરાઈ હતી. હાલ દેશના ૨૬ રાજ્યો અને ૩ કેન્દ્રશાસિત પ્રદેશોમાં કુલ ૪૩ પ્રાદેશિક ગ્રામીણ બેંકો છે. તેમની કુલ ૨૧,૮૫૬ શાખાઓ છે. દેશમાં આરઆરબીમાં ૨૮.૩ કરોડ થાપણદારો અને ૨.૬ કરોડ ઉધાર લેનારા છે.

**સરકારે કંઈ કંઈ બેંકોને ફાળવી રકમ**

આંધ્ર પ્રગતિ ગ્રામીણા બેંક - આંધ્ર પ્રદેશ
ચૈતન્ય ગોદાવરી ગ્રામીણા બેંક - આંધ્ર પ્રદેશ
સમગીરી ગ્રામીણા બેંક - આંધ્ર પ્રદેશ
અરુણાચલ પ્રદેશ ગ્રામીણ બેંક - અરુણાચલ પ્રદેશ
આસામ ગ્રામીણ વિકાસ બેંક - આસામ
દક્ષિણ બિહાર ગ્રામીણ બેંક - બિહાર
ઉત્તર બિહાર ગ્રામીણ બેંક - બિહાર
છત્તીસગઢ રાજ્ય ગ્રામીણ બેંક - છત્તીસગઢ
બરોડા ગુજરાત ગ્રામીણ બેંક - ગુજરાત
સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંક - ગુજરાત
સર્વ હરિયાણા ગ્રામીણ બેંક - હરિયાણા
હિમાચલ પ્રદેશ ગ્રામીણ બેંક - હિમાચલ પ્રદેશ

# જામનગર તાલુકાના ખંભાલીડા ગામે જુગારનો અડ્ડો ઝડપાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર એલીસીબીએ બાતમીના આધારે દરોડો પાડતા ગંજીપત્તા વડે જુગાર રમતા ૯ શખ્સો ઝડપાયા: મોબાઇલ, રોકડ અને વાહન સહિત રૂા.૩.૨૮ લાખનો મુદામાલ કરાયો કબ્જે.જામનગરમાં વકરતા જતાં જુગારના દુષણ વચ્ચે પોલીસે જામનગર તાલુકાના ખંભાલીડા ગામેથી જુગારના અખાડો ઝડપી પાડ્યો હતો. પોલીસે બાતમી આધારે રેઇડ પાડતા નવ શખ્સો પત્તા ફૂટતા રંગહાથ ઝડપાયા હતા. જેને લઇને પોલીસે મોબાઇલ, રોકડ તેમજ વાહન સહિત ૩.૨૮ લાખના મુદ્દામાલ કબ્જે કરી જુગારધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી હતી.જુગાર મામલે જાણવા મળતી વિગત અનુસાર જામનગર તાલુકાના ખંભાલીડા ગામે આવેલ મહિરાજસિંહ જયવંતસિંહ જાડેજાની વાડીની ઓરડીમાં જુગાર મામલે પોલીસને જાણ થઇ હતી.





જેને લઇને પોલીસે દરોડો પાડતા જુગાર રમતાં મહિરાજસિંહ જયવંતસિંહ જાડે જા.રહે.ખંભાલીડાગામ, તા.જી.જામનગર, ખેતુભા રામસંગ જાડેજા.રહે.ખંભાલીડાગામ, તા.જી. કાનજીભાઇ મગનભાઇ દલસાણિયા રહે.ધ્રોલ, શિવમપાર્ક, જી.જામનગર, કારાભાઇ ભીખાભાઇ જાપડા રહે.વાકિયાગામ, તા.ધ્રોલ, જી.જામનગર, કાંતિભાઇ ડાયાભાઇ ભીમાણી રહે.સાગર સોસાયટી, શેરી નંબર.૩, રાજકોટ. નરેન્દ્રસિંહ રામસંગ જાડેજા રહે.ખંભાલીડાગામ, તા.જી.જામનગર, ચેતનભાઇ ત્રિકુભાઇ ભેંસદડિયા રહે.મોટીબાણુગર, તા.જી.જામનગર, જાદવજીભાઇ જેશાભાઇ બાંભવા રહે.મોટીબાણુગાર, તા.જી.જામનગર. શાંતિભાઇ બાવજીભાઇ ગડારા રહે.ધ્રોલ, તુલશીપાર્ક, જી.જામનગર નામના પત્તાપ્રેમીઓને પકડી પાડ્યા હતાં. પોલીસ ઝપટે ચડેલા આ તમામ જુગારીઓના કબ્જામાંથી પોલીસે ૧,૩૮,૧૫૦ ની રોકડ, ૪૦,૫૦૦ ની કિંમતના નવ નંગ મોબાઇલ, ૧,૫૦,૦૦૦ ની કિંમતના પાંચ મોટરસાઇકલ સહિત કુલ રૂા.૩,૨૮,૬૫૦ ની મત્તા કબ્જે કરી હતી.આ કાર્યવાહી એલસીબી પીઆઇ વી.એમ.લગારિયાના માગદર્શન હેઠળ પીએસઆઇ આર.કે.કરમટા, પી.એન.મોરી તથા સ્ટાફના સંજયસિંહ વાળા, હરપાલસિંહ સોઢા, ભરતભાઇ પટેલ, નાનજીભાઇ પટેલ, શરદભાઇ પરમાર, દિલીપભાઇ તલવાડિયા, વનરાજભાઇ મકવાણા, ધાનાભાઇ મોરી, હિતેન્દ્રસિંહ જાડેજા, અરજણભાઇ કોડિયાતર, મયુદીનભાઇ સૈયદ, ક્રિપાલસિંહ જાડેજા, કાસમ બ્લોચ, નિર્મળસિંહ જાડેજા, કિશોરભાઇ પરમાર, હરદીપભાઇ બારડ, ઋષિરાજસિંહ વાળા, મયુરસિંહ પરમાર, કલ્પેશભાઇ મૈયડ, ધર્મેન્દ્રસિંહ જાડેજા, દયારામ ત્રિવેદી, બીજભાઇ બાલસરા, ધર્મેન્દ્રસિંહ જાડેજા તથા ભારતીબેન ડાંગર દ્વારા કરવામાં આવી હતી

# જામનગર જિલ્લામાં સાત સ્થળે દારૂ અંગે પોલીસના દરોડા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર પોલીસે દારૂના દુષણને અટકાવવા માટે જિલ્લાભરમાં જુદા જુદા સાત દરોડા પાડ્યા હતાં. આ દરમિયાન પોલીસે ૧૫૨ બોટલ દારૂ સાથે રૂા.૮૨૫૫૦ નો મુદ્દામાલ કબ્જે કરી આરોપીઓ વિરૂધ્ધ પ્રોહિબીશન ધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.





સિટી એ ડિવિઝન પોલીસે જામનગર શહેરના દિ.પ્લોટ શેરી નં.૫૪માં આવેલ વિશ્રામવાડીમાં રેઇડ પાડી હતી. જ્યાં સિંધી ભાનુશાળીની વાડીની સામે રહેતાં આરોપી અશોક ઉર્ફે મિરચી ખટાઉભાઇ મંગેના રહેણાંક મકાનમાંથી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે ઇંગ્લીશ દારૂ ૩૨૫૦૦ રૂપિયાની કિંમતની ૬૫ બોટલ દારૂનો જથ્થો જપ્ત કરી આરોપી અશોક ઉર્ફે મિરચીને પકડી પાડ્યો હતો.પોલીસે દારૂ મામલે વધુ પૂછપરછ હાથ ધરતાં આ જથ્થો આરોપી દિપક ઉર્ફે દિપુ સરગમ ખીચડા નામના જામનગરના શખ્સ પાસેથી ખરીદ્યો હોવાનું ખુલ્યું હતું. જેને લઇને પોલીસે દારૂ સહિતનો મુદ્દામાલ કબ્જે કરી આરોપી દિપુને ફરારી જાહેર કર્યો હતો. જેને પકડી પાડવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.વધુમાં પંચકોષી બી ડિવિઝન પોલીસે કોંજા ગામે નદીના પુલની બાજુમાં રાજશી વેજાણંદ કરમુરના વાડીમાં રેઇડ પાડી હતી. જ્યાં તલાશી હાથ ધરતાં ૧૫૫૦૦ રૂપિયાની કિંમતની ૩૧ બોટલ દારૂનો જથ્થો મળી આવ્યો હતો. તે જ રીતે ૬ બોટલ વ્હીસ્કી સહિત ૧૮૫૦૦ રૂપિયાની કિંમતની ૩૭ બોટલ દારૂનો જથ્થો ઝડપાતા રામશી વેજાણંદ કરમુર નામના કોંજા ગામના બુટલેગરને દબોચી લીધો હતો. જેને વિરૂધ્ધ પ્રોહિબીશનધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.આ ઉપરાંત જોડિયા પોલીસે પીઠડ ગામથી પડાણા ગામને જોડતા રસ્તા પરથી આરોપી ભરત નાગદાનભાઇ કુંભારવડિયા નામના ૪૧ વર્ષિય શખ્સના કબ્જામાંથી પાંચ બોટલ દારૂનો જથ્થો જપ્ત કર્યો હતો. પોલીસે રૂા.૨૨૫૦ નો મુદ્દામાલ જપ્ત કરી તેમના વિરૂધ્ધ પ્રોહિબીશનધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

આ ઉપરાંત જામજોધપુર પોલીસે મેલાણ ગામ તરફ જવાના રસ્તા પર સિધ્ધેશ્વર મહાદેવના મંદિરની સામેથી જાહેર રસ્તા પરથી આરોપી ભાયાભાઇ લાખાભાઇ હુણ નામના ૨૫ વર્ષિય યુવાનને પાંચ બોટલ ઇંગ્લીશ દારૂ સાથે ઝડપી પાડ્યો હતો. પોલીસે તેના કબ્જામાંથી રૂા.૨૫૦૦ ની કિંમતનો મુદ્દામાલ કબ્જે કરી પ્રોહિબીશનધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

ઉપરાંત જામનગર પંચકોષી બી ડિવિઝન પોલીસે ખીમલિયા ગમના પાટિયા પાસેથી દોલુભા મહિપતસિંહ નામના ૩૮ વર્ષિય શખ્સને રૂા.૧૦૦૦ની કિંમતની બે નંગ ઇંગ્લીશ દારૂની બોટલ સાથે ઝડપી પાડી આગળની કાર્યવાહી હાથ ધરી છે. બીજી બાજુ જામનગર સિટી બી ડિવિઝન પોલીસે રાંદલનગર ટી.બી. પાંચ બંગલા પાસેથી ૧૮ બોટલ દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. ૯૦૦૦ ની કિંમતના દારૂના જથ્થા મામલે વિજયસિંહ હરીસિંહ જેઠવા નામના શાંતિનગર શેરી નં.૪માં રહેતાં શખ્સની સંડોવણી ખુલતા પોલીસે તેને ફરારી જાહેર કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

તે જ રીતે સિધ્ધાર્થનગર શેરી નં.૨ માંથી પોલીસે રૂા.૧૩૦૦ ની કિંમતના ૧૩ નંગ દારૂના ચપટાનો જથ્થો કબ્જે કર્યો હતો. જો કે આરોપી સાગર રામજી માંગલિયા હાજર ન મળતા પોલીસે તેને ફરારી જાહેર કરી કાર્યવાહી હાથ ધરી છે.

## મોરબી:લીલાપર રોડ ઉપર ગેરકાયદેસર બાંધકામ દૂર કરવા પાલિકાએ નોટીસ ફટકારી

**મોરબી:** મોરબીમાં માર્ગો ઉપર ગેરકાયદેસર બાંધકામ કરનારા વિરુદ્ધ નગર પાલિકા દ્વારા લાલ આંખ કરવામાં આવી છે. આવા ગેરકાયદેસર પાકા બાંધકામ ખડકી દેનાર દબાણકર્તાઓને આગામી પાંચ દિવસમાં ગેરકાયદેસર બાંધકામ દૂર કરવા નોટીસ ફટકારવામાં આવી છે.

મોરબી નગરપાલિકાની યાદીમાં જણાવ્યા અનુસાર વજેપર-માધાપર ગામમાં લીલાપર રોડ ઉપર આવેલ ફખરી સોસાયટીના પ્રવેશ રોડ ઉપર/રોડની બાજુમાં ગ્રાઉન્ડ ફ્લોર પાર્કનું ત્રણ રૂમ અને બાથરૂમનું ગેરકાયદેસર બાંધકામ(દબાણ) કરવામાં આવ્યું છે. જે બાંધકામ આગામી પાંચ દિવસમાં દૂર કરવા ગુજરાત નગરપાલિકા અધિનિયમ મુજબ માર્ગ અને ખુલ્લી જગ્યા ઉપર દબાણ હટાવવા નોટીસ કમ આદેશ કરવામાં આવ્યો છે.

# જામનગરની મધુરમ રેસિડેન્સી વિસ્તારના ૯૦૦ મકાન ધારકોને મોટી રકમના વેરા બિલ મળતાં હોબાળો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં વોર્ડ નંબર-૪માં આવેલા મધુરમ રેસીંડન્સી વિસ્તારના ૯૦૦ મકાનધારકોને એક સાથે મોટી રકમના બીલો આવતાં નાગરિકોમાં હોબાળો મચી જતાં લોકોએ આ બાબતે રજૂઆત કરતા ડે. કમિશનરે યોગ્ય કરવા ખાતરી આપી છે. મધુરમ રેસિડેન્સી વિસ્તારમાં બનેલા ૯૦૦ ટેનામેન્ટ ટાઈપ મકાનોના વેરાના મોટા મોટા બીલો આ વર્ષે મળતાં વિસ્તારના મહિલા કોર્પોરેટર રચનાબેન નંદાણીયાને સાથે રાખીને વિસ્તારના લોકો ટેક્સ ઓફીસર



વિજયભાઈ ભાભોર અને ડે. કમિશનર ઝાલાને રજુઆત માટે પહોંચ્યા હતા. ડે. કમિશનરે લોકોની રજુઆતો અને અધિકારીની વાત સાંભળીને લોકોને ૧-૨ દિવસમાં જ પ્રશ્ન ઉકેલવા ખાતરી આપી હતી.આ પ્રશ્નના મુળમાં વાત એવી છે કે, ૯૦૦ મકાનધારકોને ૧૦ વર્ષ સુધી લોકોને ખુલ્લા પ્લોટોના બીલ મળ્યા બાદ હવે ૨૦૨૪માં મ્યુ. તંત્રએ બાંધકામ સાથેના મકાનના બાંધકામ સાથેના હાઉસટેક્સના બીલ આપતા લોકોએ પ્રશ્ન ઉઠાવ્યો હતો. કે, જે તે સમયે ૨૦૧૪માં સોસાયટી બની ગઈ ત્યારે બાંધકામ કોર્પોરેશનના રેકર્ડ પર કેમ ન કેમ ચડયું નહીં ? આવું ૧૦ વર્ષ કેમ ચાલ્યું ? અને હવે લોકો પાછલા વર્ષોના હજારો રૂપિયાના વેરા એક સાથે ભરે ? તેમજ આ માટે જવાબદાર કોણ ? તેવા સવાલો ઉઠાવ્યા હતા. ડે. કમિશનરની ખાતરી બાદ હાલ ૯૦૦ પરિવારોએ કોર્પોરેશનને ટેક્સ ભરવાનું મુલત્વી રાખીને વિસ્તારમાં જાહેર મીટીંગ બોલાવી છે. જેમાં અધિકારીઓ ઉપસ્થિત રહે તેવો મહિલા કોર્પોરેટરે આગ્રહ રાખ્યો છે.

# મોરબી: કતલખાને લઇ જવાતા ૨૫ પશુઓને હિન્દૂ યુવા વાહિનીના ગૌરક્ષકો દ્વારા મુક્ત કરાવ્યા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી હિન્દૂ યુવા વાહિનીના જાંબાઝ ગૌરક્ષકો દ્વારા વધુ એકવાર મળેલ બાતમીને આધારે વોચ રાખી કચ્છથી અશોક લેલન ગાડીમાં પશુઓને ભરી કતલખાને લઇ જવાતા ૨૫ પશુઓને માળીયા(મી) પોલીસના સહયોગથી બચાવી લેવામાં આવ્યા હતા. જયારે આરોપી અશોક લેલન ગાડીનો ચાલક પોતાનું વાહન રેઢું મૂકી નાસી ગયો હતો. ત્યારે ગૌરક્ષકોની ફરિયાદના આધારે માળીયા(મી) પોલીસે અજાણ્યા ગાડી ચાલક વિરુદ્ધ પશુપ્રત્યે ક્રૂરતા પ્રતિબસન્ધ અધિનિયમ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી હતી.





પ્રાપ્ત માહિતી અનુસાર મોરબી હિન્દૂ યુવા વાહિની અખિલ વિશ્વ ગૌ સંવર્ધન પરિષદ દિલ્હીના નિયુક્ત અધિકારી ગૌરક્ષકોને ખાનગીરાહે બાતમી મળી હતી કે કચ્છથી અશોક લેલન ગાડી રજી.જીજે-૧૦-ટીએક્સ-૮૭૮૧માં પશુઓને ભરી કતલખાને લઇ જવામાં આવવાના હોય જેથી મળેલ બાતમીને આધારે માળીયા(મી) મુકામે વોચ રાખી ઉભા હોય તે દરમિયાન ઉપરોક્ત બાતમી મુજબની ગાડી દૂરથી આવતા જોઈ એટલે તેને રોકવા માટે કોશિશ કરતા અશોક લેલન ગાડીના ચાલકે ગૌરક્ષકોની ગાડીને ઠોકર મારીને ભાગી જતા તુરંત મિરબી જીલ્લા પોલીસ કંટ્રોલ રૂમનો સંપર્ક કરી અશો લેલન ગાડી વિષે માહિતી આપતા મોરબી જીલ્લા પોલીસે ઉપરોક્ત ગાડી રોકવેલ ત્યારે ગાડીનો ચાલક ઓટના હવાલવાળું વાહન મૂકીને ભાગી ગયો હતો.

ત્યારે અશોક લેલન ગાડીમાં પોલીસ સાથે ચેક કરતા ગાડીમાં ૨૫ પશુઓને ક્રૂરતા પૂર્વક ટૂંકા દોરડા વડે હાલી-ચાલી ન શકે તે રીતે બાંધી કતલખાને લઇ જવામાં આવતા હોવાનું જણાઈ આવ્યું હતું. જેથી તમામ પશુઓને મુક્ત કરાવી નજીકની ગૌશાળામાં રાખવાની તજવીજ હાથ ધરી હતી. ત્યારે માળીયા(મી) પોલીસ મથકમાં અશોક લેલન ગાડી રજી.નં. જીજે-૧૦-ટીએક્સ-૮૭૮૧ ના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા, પોલીસે ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તેને પકડી પાડવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# જામનગર જિલ્લામાં હીટવેવને અનુલક્ષીને સલામતીના સૂચનો જાહેર કરાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર ભારતીય હવામાન વિભાગ, અમદાવાદ દ્વારા આગામી સમયમાં સૌરાષ્ટ્ર સહિત જામનગર જિલ્લામાં હીટવેવની આગાહી જારી કરવામાં આવી છે. હીટવેવ દરમિયાન અને આગામી ગરમીના દિવસોમાં લૂની અસરથી બચવા માટે જામનગર જિલ્લાના તમામ નાગરિકો માટે રક્ષણાત્મક સૂચનો જાહેર કરવામાં આવ્યા છે. જેમાં જણાવ્યા અનુસાર હીટવેવ દરમિયાન ઘરની બહાર નીકળવાનું ટાળવું જોઈએ. શરીર અને માથું ઢાંકીને રાખવું, સફેદ રંગના અને ખુલ્લા વસ્ત્રો પહેરવા જોઈએ. છત્રીનો ઉપયોગ કરવો, નાના બાળકો, સગર્ભા માતાઓ, વૃદ્ધ નાગરિકો, અશક્ત અને



બીમાર વ્યક્તિઓએ તડકામાં વિશેષ કાળજી રાખવી જોઈએ.આ ઉપરાંત સીધા સુર્યપ્રકાશથી બચવું જોઈએ. વારંવાર ઠંડુ પાણી, લીંબુ શરબત, મોળી છાસ, તાળફળી, નાળિયેરનું પાણી, ખાંડ-મીઠાનું દ્રાવણ અને ઓ.આર.એસ.લીકવીડ પૂરતા પ્રમાણમાં પીવા જોઈએ. બાળકો માટે કેસુડાના ફૂલ અને લીમડાના પાનનો સ્નાન માટેના પાણીમાં ઉપયોગ કરવો જોઈએ. શરીરનું તાપમાન નીચું આવે ત્યારે જ સ્નાન કરવું જોઈએ. છાંયડામાં રહેવું, બજારનો ખુલ્લો ખોરાક ના ખાવો અને બજારમાં વેચાતા બરફનો ઉપયોગ ન કરવો જોઈએ. દૂધ અને માવામાંથી બનેલી ફૂડ આઈટેમ્સ, ચા-કોફી અને આલ્કોહોલનું સેવન ટાળવું જોઈએ. ખાસ કરીને બપોરના ૨ થી ૪ કલાક સુધી બહાર નીકળવાનું ટાળવું જોઈએ.ગરમીના દિવસોમાં માથાનો દુ:ખાવો, પગની પીંડીઓમાં દુ:ખાવો, શરીરનું તાપમાન ખુબ વધી જવું, ખુબ તરસ લાગવી, શરીરમાંથી પાણી ઓછું થઈ જવું, ઉલટી-ઉબકા થવા, ચક્કર આવવા, આંખે અંધારા આવી જવા, બેભાન થઈ જવું, મૂંઝવણ થવી અને અતિ ગંભીર કિસ્સામાં ખેંચ આવવી એ લૂ લાગવાના મુખ્ય લક્ષણો છે. ગરમીની મોસમ દરમિયાન સારું આરોગ્ય જળવાઈ રહે તે હેતુથી વરિયાળી, કાચી કેરી, ગુલાબ, ખસ અને કાળી દ્રાક્ષનું શરબત પીવું જોઈએ. રાત્રિ દરમિયાન કાળી દ્રાક્ષનું સેવન કરવું અને દિવસ દરમિયાન તરબૂચનું સેવન કરવું જોઈએ.

લૂ લાગવાની અસર જણાય તો તાત્કાલિક ધોરણે નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સાર્વજનિક આરોગ્ય કેન્દ્ર કે ૧૦૮ સેવાનો સંપર્ક સાધવો જોઈએ. અઘટિત બનાવ બને તો જામનગર જિલ્લા ડિઝાસ્ટર કંટ્રોલ રૂમના ફોન નંબર ૦૨૮૮-૨૫૫૩૪૦૪ પર સંપર્ક સાધી શકાશે. તેમ નિવાસી અધિક કલેકટર બી.એન.ખેર, જામનગરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# મોરબી સીરામીક મેન્યુફેકચરિંગ એસોસીએશન વોલ ટાઇલ્સ પ્રમુખ તરીકે હરેશભાઇ બોપલીયાની ફેરનિયુક્તિ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી સીરામીક મેન્યુફેક્ચરિંગ વોલ ટાઇલ્સ વિભાગના પ્રમુખપદનો કાર્યકાળ પૂરો થતા એસોસિએશન કમિટીના નિયમો અનુસાર હરેશભાઇ બોપલીયાએ પ્રમુખપદથી રાજીનામુ આપ્યું હતું.

મોરબી સીરામીક મેન્યુફેકચરિંગ કમિટી દ્વારા વોલ ટાઇલ્સ વિભાગના પ્રમુખપદ માટે વરણી પ્રક્રિયા હાથ ધરી હતી. જેમાં કોઈપણ પ્રકારના વાદ-વિવાદ વગર સર્વસંમતિથી બીજી ટર્મ માટે પણ



હરેશભાઇ બોપલીયાની વોલ ટાઇલ્સના પ્રમુખ તરીકે ફેરનિયુક્તિ કરવામાં આવી છે.

એસોસિએશન કમિટી દ્વારા વોલ ટાઇલ્સ વિભાગના પ્રમુખ તરીકે હરેશભાઇ બોપલીયાની નિયુક્તિ કરાતા મોરબી તેમજ સીરામીક ઉદ્યોગ સાથે સંકળાયેલ ઉદ્યોગપતિઓ, રાજકીય-સામાજીક આગેવાનો તથા સગા-સ્નેહીઓ દ્વારા એમ ચોમેરથી હરેશભાઇ બોપલીયાને શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે.

# જામનગર જિલ્લામાં ધુળેટીના તહેવારને અનુલક્ષીને જાહેરનામું બહાર પડાયું

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લામાં આગામી તારીખ ૨૪ અને ૨૫ માર્ચના રોજ હુતાસણી-ધુળેટીના તહેવારોની ઉજવણી કરવામાં આવશે. આ તહેવારોની ઉજવણી દરમિયાન બહોળી સંખ્યામાં નાગરિકો ભાગ લેતા હોય છે. આ ઉજવણી દરમિયાન સુલેહ શાંતિ અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઈ રહે તે હેતુથી અધિક નિવાસી કલેકટર બી.એન.ખેર, જામનગર દ્વારા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ (૧) તળે તેમને મળેલી સત્તાની રૂએ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આ જાહેરનામામાં જણાવ્યા અનુસાર સમગ્ર જામનગર જિલ્લાના વિસ્તારમાં આગામી તારીખ ૨૩/૦૩/૨૦૨૪ ના સાંજે ૦૬:૦૦ કલાકથી આગામી તારીખ ૨૫/૦૩/૨૦૨૪ ના ૨૪:૦૦ કલાક દરમિયાન કોઈપણ વ્યક્તિની ઈચ્છા વિરુદ્ધ તેની ઉપર રંગ છાંટી શકાશે નહિ. કોઈપણ વ્યક્તિની લાગણી દુભાય તેવા શબ્દો અથવા સુત્રો પોકારવા નહિ. તેમજ પત્રિકા, પ્લેકાર્ડ, વિચિત્ર આકૃતિઓ કે વસ્તુઓ તૈયાર કરી શકાશે નહિ, કે તેનો ફેલાવો કરી શકાશે નહિ.



ઉકત જાહેરનામાંના કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનારી વ્યક્તિને ઓછામાં ઓછા ૪ મહિનાની અને વધુમાં વધુ ૧ વર્ષ સુધીની સજા થશે. તેમજ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજા થશે.

# મોરબી સાયન્સ કોલેજ ખાતે સિનિયર ડિવિઝન એનસીસી કેડેટનો વિદાય સમારંભ યોજાયો



**મુખ્ય સમાચાર, મોરબી**

સર્વોદય એજ્યુકેશન સોસાયટી ટ્રસ્ટ સંચાલિત મહારાજા શ્રી મહેન્દ્રસિંહજી સાયન્સ કોલેજ મોરબી ખાતે સીનીયર ડિવિઝન એનસીસી કેડેટ કે જેઓ એ સી સર્ટીફીકિટની પરીક્ષા પૂર્ણ કરી હતી તેમનો ખૂબ જ દબદબા ભેર વિદાઈ સમારંભ યોજવામાં આવેલ હતો. જેમાં નવા નિયુક્ત સીનીયર અન્ડર ઓફિસર આયુષ ડાભી તેમજ એંકર ધૃમિ દવે તથા સંબિતા ચૌધરી તેમજ તમામ પ્રથમ દ્વિતીય વર્ષના કેડેટોએ ખૂબજ મહેનત કરી હતી.કાર્યક્રમમાં અતિથિ વિશેષ ભૂતપૂર્વ એનસીસી ઓફિસર કેપ્ટન શર્મા તેમજ ત્રણેય કોલેજના પ્રિન્સિપાલ તથા સાયન્સ કોલેજના તમામ પ્રોફેસર હાજર રહ્યા હતા. નવાનિયુક્ત પામેલ એનસીસી ઓફિસર ચૌધરી તેમજ સાયન્સ કોલેજના પ્રિન્સિપાલ માંડવીયા જણાવે છે કે કાર્યક્રમનું તમામ સંચાલન વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલ હતું અને કાર્યક્રમના અંતે વિદાઈ પામતા કેડેટમાં એસયુઓ જય હડિયલ, યુઓ સંધ્યા સોલંકી, સાગરગિરિ ગોસાઈ, ગૌતમ રાઠોડ, હેતલ રાઠોડ, કૃપાલી સંચાનીયા, કોમલ ઝીંઝુવાડિયા, સંજના શેખાણી, તેમજ અભિષેક જડફા, પાથર દિવ્યેશ તથા બ્રીજરાજસિંહ તમામે એનસીસી તથા તેમના રાષ્ટ્રીય સ્તર કેમ્પના અનુભવો જણાવ્યા હતા. સર્વોદય એજ્યુકેશન સોસાયટીના ટ્રસ્ટી રજનીભાઈ મહેતા તેમજ દેવાંગભાઈ દોશી સાહેબે સૌને શુભેચ્છા પાઠવેલ હતી

# જસદણમાં વર્ષો બાદ ભાદર નદીની સાફ-સફાઈ અને ઊંડી ઉતારવાની કામગીરી હાથ ધરાઈ



**મુખ્ય સમાચાર, બિજલ ભેસજાળિયા**

**જસદણ:** નદીઓને લોકમાતાની ઉપમા આપવામાં આવી છે પણ ૨૧મી સદીમાં જસદણમાં લોકમાતાની હાલત કફોડી બની જવા પામી હતી. જસદણની મધ્યમાંથી પસાર થતી ભાદર નદીમાં દાયકાઓથી જૈવિક કચરો અને ગટરના ગંદા પાણી ઠાલવવામાં આવી રહ્યા હતા. જેના કારણે ભાદર નદીની પવિત્રતા ખોરવાઈ રહી હતી. જસદણ શહેરનો વિકાસ દિનપ્રતિદિન રૂંધાઈ રહ્યો હતો અને આગામી સમયમાં જનઆરોગ્ય પર જોખમ તોળાઈ રહ્યું હતું. જેથી જવાબદાર નગરપાલિકા તંત્ર દ્વારા ભાદર નદીની ગંદકી હટાવી નદી ફરતે રીવરફ્રન્ટ બનાવવામાં આવે તેવી નગરજનોની પ્રબળ માંગ ઉઠવા પામી હતી. જેના પગલે જસદણ નગરપાલિકા અને સિંચાઈ વિભાગના ઉપક્રમે જસદણની ભાદર નદીમાં ઉગી નીકળેલા બાવળો અને ઝાડી-ઝાંખરાને હટાવી સુઝલામ સુફલામ યોજના અંતર્ગત નદીને ઊંડી ઉતારવાની કામગીરી હાથ ધરાતા નગરજનોએ રાહતનો શ્વાસ લીધો છે. જો કે જસદણ નગરપાલિકા દ્વારા ભાદર નદીની સફા-સફાઈ કામગીરી તો કરવામાં આવી રહી છે. પરંતુ બાદમાં જસદણની જનતાએ પણ જાગૃતતા દાખવી જરૂરી બને છે અને ભાદર નદીમાં જૈવિક કચરો કે ગટરના ગંદા પાણી ન ઠાલવવા જોઈએ તે પણ મહત્વનું બની રહે છે.

# શહેરમાં હોળી-ધુળેટીની ચમક દેખાઈઃ ખજુર, ધાણી, પતાશાની ધુમ ખરીદી



(તસ્વીરઃ આનંદ જાવિયા)

ફાગણનો સૌને ગમતીલો હોળી-ધુળેટીનો તહેવાર નજીક આવતા જ બજારોમાં અસરો દેખાવા લાગી છે. ધીરે ધીરે ચોમેર ખરીદીનો માહોલ જામી રહ્યો છે. સાકરના હારડા તેમજ સુકા ટોપરાના ઢગલા પણ બજારમાં જોવા મળી રહ્યા છે. રંગ પર્વ ધૂળેટીએ રંગે રમી સૌ કોઈ ખજુર, ધાણી, દાળીયા, પતાશાની જયાફત ઉડાવાશે. બજારોમાં કસદાર મીઠો ખજુર તેમજ ધાણી-પતાશાના ઢગલા ખડકાઈ ગયા છે.

## જસદણમાં કાળીયા બ્રીજ જર્જરિત હાલતમાં ફેરવાયોઃ નગરપાલિકા દ્વારા તાત્કાલિક પુલનું ટેસ્ટીંગ કરવામાં આવ્યું



**મુખ્ય સમાચાર, જસદણ**

જસદણમાં દાયકાઓ પહેલા બનાવેલો લાતીપ્લોટનો પુલ(કાળીયા બ્રીજ) અતિ જર્જરિત હાલતમાં ફેરવાઈ ગયો હોવાનું નગરપાલિકા તંત્રને ધ્યાને આવતા તેમના દ્વારા તાત્કાલિક તે પુલનું ટેસ્ટીંગ કરાવવામાં આવ્યું છે. જેમાં આ પુલ નબળો પડી ગયો હોવાનો રીપોર્ટ આવતા તંત્ર દ્વારા સાવચેતીના ભાગરૂપે આ પુલ ઉપર તમામ પ્રકારના વાહન વ્યવહાર તેમજ જાહેર જનતાની અવરજવરથી દુર્ઘટના થવાની સંભાવના હોવાનું વિચારી આ પુલને બંધ કરવા માટે થોડા જ દિવસોમાં જાહેરનામું બહાર પાડવામાં આવશે.

સરદાર વલ્લભભાઈ નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજીએ આ બ્રીજનો સ્ટ્રકચર સ્ટેબીલીટી રીપોર્ટ આપ્યો કે બ્રીજ ગમે ત્યારે દુર્ઘટના સર્જી શકે છે.

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ હસ્તકના પુલની જાળવણી અને નિરિક્ષણ માટેની સુચનાઓ અન્વયે જરૂરી કાર્યવાહીઓ હાથ ધરવા મળેલ સુચનાને ધ્યાને લઈ નાયબ કાર્યપાલક ઈજનેર માર્ગ અને મકાન પેટા વિભાગ(સ્ટેટ) ગોંડલને જસદણ નગરપાલિકા વિસ્તારના તમામ બ્રીજોના નિરીક્ષણ બાબતે તેમજ કોઈ બ્રીજ જર્જરિત હાલતમાં હોય તો તે બાબતે યોગ્ય કાર્યવાહી હાથ ધરવા જણાવવામાં આવ્યું હતું. જેના પગલે જવાબદાર તંત્ર દ્વારા તમામ બ્રીજો કે જે જસદણ નગરપાલિકાના કાર્યક્ષેત્રમાં આવતા હોય તેની મરામત અને નિભાવણી જસદણ નગરપાલિકાને કરવાની રહે છે તેમ જણાવેલ. જેને ધ્યાને લેતા જસદણ નગરપાલિકા દ્વારા સરદાર વલ્લભભાઈ નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી(જટગઈઝ) સુરત પાસે નગરપાલિકા વિસ્તારમાં આવેલ બ્રીજની તાંત્રિક ચકાસણી માટે મંગાવેલ ક્વોટેશનને ઠરાવથી મંજુર કરી સરદાર વલ્લભભાઈ નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજીને આ કામનો વર્કઓર્ડર આપતા તેમના દ્વારા જસદણ નગરપાલિકા વિસ્તારના બ્રીજોના સ્ટ્રકચર સ્ટેબીલીટી બાબતના રીપોર્ટ રજુ કરવામાં આવેલ. જે રીપોર્ટ મુજબ તેમના દ્વારા ડો.આંબેડકરના સ્ટેચ્યુથી લાતીપ્લોટ વિસ્તારને જોડતા બ્રીજ(કાળીયા બ્રીજ) ઉપર રીપેર-રીટોફીટીંગ પછી પણ આ પુલની ઉપર જાહેર જનતાના સંચય માટે કોઈપણ પ્રકારની લારીઓ અથવા અન્ય માધ્યમો રાખવા માટે સખત પ્રતિબંધનો અમલ કરવો જરૂરી હોવાનું જણાવેલ છે. જેને ધ્યાને લઈ જસદણ નગરપાલિકા દ્વારા ઠરાવથી લેવાયેલ નિર્ણય મુજબ આ પુલ ઉપર તમામ પ્રકારના વાહન વ્યવહાર તેમજ જાહેર જનતાની અવરજવરથી દુર્ઘટના થવાની સંભાવના હોય. જેથી બ્રીજનું રીપેરીંગ-નવીનીકરણ ન થાય ત્યાં સુધી અથવા તો નગરપાલિકા દ્વારા જયાં સુધી ઉકત બ્રીજ જાહેર જનતા માટે ઉપયોગમાં લેવાનો નિર્ણય ન થાય ત્યાં સુધી આ પુલ ઉપરથી તમામ પ્રકારના વાહનો કે રાહદારીઓની અવરજવર સતત બંધ રાખવા માટે તથા વૈકલ્પિક વ્યવસ્થા માટે નીચે દર્શાવ્યા મુજબના રસ્તાનો ઉપયોગ કરવા માટે જસદણના નાયક કલેકટરને જાહેરનામું બહાર પાડવા રજૂઆત કરવામાં આવેલ છે. જો કે આ અંગે જસદણ પોલીસ મથકના પીઆઈને પણ જાહેરનામાંના પત્રની નકલ મોકલવામાં આવી છે. જેથી આ પુલ કોઈ મોટી દુર્ઘટના સર્જે અને કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે પૂર્વે જવાબદાર તંત્ર દ્વારા જાહેરનામું બહાર પાડી આ પુલ પરથી વાહનવ્યવહાર અટકાવી તેને બંધ કરી દેવાની કામગીરી હાથ ધરવામાં આવશે. આ રીતે વાહનચાલકો માટે વાહન પસાર કરવાનું જાહેરનામું ટૂંક સમયમાં જ તંત્ર દ્વારા બહાર પાડવામાં આવશે તેમ જસદણ નગરપાલિકાના ચીફ ઓફિસર રાજુભાઈ શેખ દ્વારા જણાવવામાં આવ્યું છે.

## વિંછીયા પંથકનાં પરીક્ષા કેન્દ્રમાં વિઝીલન્સ સ્કવોર્ડની ટીમે લોબીમાં પાન-માવા ખાઈને મોબાઈલમાં વિડીયો નિહાળ્યો


### વિઝીલન્સ સ્કવોર્ડની ટીમ સામે કડક પગલા ન લેવાય તો હાઈકોર્ટમાં જવાની વાલી મંડળની ચીમકી

**મુખ્ય સમાચાર, જસદણ**

વિંછીયા પંથકમાં બોર્ડની પરીક્ષામાં વિઝીલન્સ સ્કવોર્ડ દ્વારા પરીક્ષા આપતા છાત્રોને માનસીક રીતે હેરાન કરવા સાથે પરીક્ષા કેન્દ્રની લોબીમાં પાન-માવા(મસાલો) ખાઈને મોબાઈલમાં વિડીયો નિહાળતા હોવાનો આક્ષેપ વાલી મંડળે કરી શિક્ષાત્મક રાહે પગલા લેવા માંગણી ઉઠાવી છે. જેમાં વાલી મંડળના પ્રમુખ જગદીશભાઈ દિયાળભાઈ માથોળીયાએ જિલ્લા કલેકટર અને જિલ્લા શિક્ષણાધિકારી તેમજ બોર્ડના ચેરમેનને પાઠવેલ પત્રમાં વિઝીલન્સ સ્કવોર્ડ ટીમ નં.૩૫ નાં ૪ અધિકારીઓએ વિંછીયા તાલુકાને ટાર્ગેટ કરી પરીક્ષા સમયે પરીક્ષા આપતા વિદ્યાર્થીઓને માનસીક ત્રાસ આપી એક વિદ્યાર્થીને ગભરામણ ઉલ્ટી-ઉબકા કરાવી પોતે કેન્દ્રની લોબીમાં મસાલા ખાઈ મોબાઈલમાં વિડીયો નિહાળી સુપરવાઈઝરો સાથે પણ અયોગ્ય વર્તન કરેલ હોય તેની વિરૂદ્ધ શિક્ષાત્મક પગલાં લેવા માંગણી કરી છે.

વિઝિલન્સ સ્કવોડ દ્વારા દાણચોરીનો માલ પકડવા આવેલ હોય તેવું વર્તન પરીક્ષાર્થી સાથે કરવામાં આવેલ.

વાલી મંડળના પ્રમુખ જગદીશભાઈ દિયાળભાઈ માથોળીયાએ મુખ્યમંત્રી અને શિક્ષણમંત્રી સહિતને કરેલી લેખિત રજૂઆતમાં જણાવ્યું છે કે, રાજકોટ જીલ્લાના વિંછીયા તાલુકાની શ્રી ઉમિયા વિદ્યામંદિરમાં ધોરણ ૧૦ અને ૧૨ ના પરીક્ષા કેન્દ્ર છેલ્લા ૧૦ વર્ષથી ચાલે છે. તેમાં આજદિન સુધી



એકપણ કોપી કેસ કે અન્ય બનાવ બનેલ નથી. તેમ છતાં વિંછીયા તાલુકામાં ખેડૂત, માલધારી, મજૂર અને અન્ય પછાત વર્ગના બાળકો બોર્ડની પરીક્ષાઓ આપતા હોય છે. તે સમયે ગુજરાત બોર્ડની વિઝિલન્સ સ્કવોડ દ્વારા વિંછીયા તાલુકાને ટાર્ગેટ કરીને બોર્ડની પરીક્ષા સમયે માનસિક ત્રાસ આપીને હેરાન પરેશાન કરેલ છે અને એકપણ પરીક્ષાર્થી પાસે કોઈપણ પ્રકારનું વાંધા જનક સાહિત્ય પકડાયેલ નથી. તેમ છતાં વારંવાર શા માટે પરીક્ષાર્થીઓને ટાર્ગેટ કરવામાં આવે છે?. તા.૧૯/૦૩/૨૦૨૪ ના રોજ વિઝિલન્સ સ્કવોડના ડી.બી.પંડયા ચાલુ પરિક્ષાએ ગુજરાત સરકારનો પ્રતિબંધ હોવા છતાં લોબીમાં મસાલો(માવો) ખાતા પકડાયેલ છે. તા.૨૦/૦૩/૨૦૨૪ ના સવારે વિઝિલન્સ સ્કવોડ ટીમ નંબર-૩૫ ના ભાવસુખભાઈ જોષી, હરિકૃષ્ણભાઈ ધાંધલા, કલ્પેશભાઈ પંડયા અને વિજયભાઈ મકવાણા વારંવાર બ્લોકમાં જવાના કારણે અને લોબીમાં બ્લોકની બારી પાસે સતત અવરજવર કરતા હોવાના કારણે નં-૧૧ના પરીક્ષાર્થી લેલા દશરથભાઈ ધનજીભાઈ(ભરવાડ)ને ગભરામણ થવાના કારણે ચક્કર આવતા અને ઊલ્ટી થતાં સ્થળ સંચાલકે આર.બી.એસ. ની ટીમને જાણ કરતાં તાત્કાલિક ડોકટરે આવીને પરિક્ષાર્થીની તપાસ કરતાં વધારે તકલીફ હોવાના કારણે ૧૦૮ દ્વારા વિંછીયા સરકારી હોસ્પિટલમાં રિફર કરેલ અને સારવાર આપ્યા બાદ તબિયતમાં સુધારો જણાતા પેપર અધૂરું હોવાના કારણે ચાલુ બાટલે પરિક્ષાર્થીને પરીક્ષા સ્થળે લાવીને પેપર લખવાનું ચાલુ કરાવેલ. જ્યારે તા.૨૦/૦૩/૨૦૨૪ ના સવારે વિઝિલન્સ સ્કવોડ ટીમ નંબર-૩૫ ના ભાવસુખભાઈ જોષી, હરિકૃષ્ણભાઈ ધંધાલા, કલ્પેશભાઈ પંડયા અને વિજયભાઈ મકવાણા દ્વારા વારંવાર કલાસ રૂમમાં જતાં અને પરિક્ષાર્થીના રૂમથી ૫ ફૂટ દૂર લોબીમાં ૩ સ્કવોડના સભ્યો ભેગા મળીને ખીખીયારી કરતાં અને લોબીમાં મોબાઈલમાં વિડીયો જોતાં અને વારંવાર મોબાઈલમાં વાતો કરતાં અને એક જ બ્લોકની સામે બેસી રહેલ સ્કોડના સભ્યએ મહિલા સુપરવાઈઝરે કહેલ કે વિદ્યાર્થીઓને ગભરામણ થાય છે તેમ કહેતા સ્કવોડના સભ્યએ મહિલા સુપરવાઈઝરની હાંસી ઉડાવી અયોગ્ય વર્તન કરેલ છે. જેથી પરીક્ષા કેન્દ્રમાં પરીક્ષા સમયનું તમામ સીસીટીવી ફૂટેઝ બે કોપીમાં બોર્ડને આપવામાં આવે છે અને વિઝિલન્સના સભ્યો પણ સીસીટીવી સામે બેસીને પણ બ્લોકની દેખરેખ રાખી શકે છે. જેથી ઉપરોક્ત બાબતે વિઝિલન્સ સ્કવોડ દ્વારા દાણચોરીનો માલ પકડવા આવેલ હોય તેવું વર્તન પરીક્ષાર્થી સાથે કરવામાં આવેલ. તે વિઝિલન્સ સ્કવોડ ટીમ નંબર-૩૫ ના ભવસુખભાઈ જોષી, હરિકૃષ્ણભાઈ ધાંધલા, કલ્પેશભાઈ પંડયા અને વિજયભાઈ મકવાણા અને મસાલો ખાતાં ડી.બી.પંડયા વિરુધ્ધ તાત્કાલિક તપાસ કરીને શિક્ષાત્મક પગલાં ભરવામાં આવે. જો પગલા ભરવામાં નહીં આવે તો જવાબદાર અધિકારી સામે વાલીમંડળ પરીક્ષાર્થીઓના હિત માટે હાઈકોર્ટના દરવાજા ખખડાવશે જેની નોંધ લેવી તેમ અંતમાં રજૂઆત કરવામાં આવી છે.

## જામનગરના વકિલ હારૂન પલેજા હત્યા કેસમાં સંડોવાયેલ સિકંદર સાયચાની ધરપકડ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરની સાઇચા ગેંગને ઢેર કરવા પોલીસ મેદાને ઉતરી છે. તેવામાં દશેક દિવસ અગાઉ સાઇચા ગેંગના કુખ્યાત શખ્સોએ સિનિયર એડવોકેટની હત્યાને અંજામ આપી પોલીસને રિતસરનો પડકાર ફેંક્યો હતો. આ પ્રકરણમાં ૧૫ શખ્સો સામે ફરિયાદ નોંધાયા બાદ આરોપીઓને દબોચી લેવા પોલીસનો તપાસનો ધમધમાટ ચાલી રહ્યો છે તેવામાં હત્યામાં સંડોવાયેલા વધુ એક ખુંખાર આરોપીને દબોચી લેવામાં પોલીસને સફળતા સાંપડી છે.



જામનગરના એડવોકેટ હારૂન પલેજાના હત્યા પ્રકરણમાં પોલીસે બુધવારે આરોપી બસીર જુસબ સાઇચાની ધરપકડ કરી તેના ૧૪ દિવસની રિમાન્ડની માંગ સાથે કોર્ટમાં રજૂ કરાયો હતો. જેના સાત દિવસના રિમાન્ડ મંજૂર કરાયા છે અને હાલ પોલીસ તેની ઘનિષ્ઠ પૂછપરછ કરી રહી છે.તેવામાં વધુ એક કુખ્યાત શખ્સ સિકંદર સાઇચાને પણ પકડી લેવામાં પોલીસને સફળતા મળી છે. ત્યારે પોલીસે આરોપી સિકંદરની અટકાયત કરી લીધી છે અને હાલ તેના રિમાન્ડની માંગ સાથે કોર્ટમાં રજૂ કરવાની તજવીજ ચાલી.રહી છે.

સુત્રોમાંથી જાણવા મળતી વિગત અનુસાર આરોપી સિકંદર સાઇચાના કબ્જામાંથી રોકડ રૂપિયા ઉપરાંત સોનું સહિતનો મુદ્દામાલ પણ મળી આવ્યો હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.

## વાંકાનેરઃરાતવીરડા નજીક અજાણ્યા વાહનની ઠોકરે બાઈક ચાલકનું સારવારમાં મોત

**મુખ્ય સમાચાર, વાંકાનેર**

વાંકાનેર તાલુકાના રાતવીરડા ગામથી સરતાનપર રોડ ઉપર બાઈક સવાર બે વ્યક્તિને અજાણ્યા વાહન ચાલકે હડફેટે લઇ અકસ્માત સર્જી પોતાનું વાહન લઈને ઘટના સ્થળેથી નાસી ગયો હતો. આ અકસ્માતમાં બાઈક સવાર બંને યુવાનને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ત્યારે સારવાર દરમિયાન બાઈક ચાલકનું મૃત્યુ નિપજતા મૃતકની પત્ની દ્વારા વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા. પોલીસે અકસ્માતમાં મૃત્યુ તથા મોટર વ્હિકલ એક્ટ હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર મહીસાગર જીલ્લાના સરોડા ગામના ભયજીવાળું ફળિયુમાં રહેતા વિનાબેન બાદરભાઈ બાબરભાઇ ચૌહાણ એ વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં અજાણ્યા વાહનના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે તા.૧૯ ફેબ્રુઆરી ૨૦૨૪ના સાંજના સાડા પાંચેક વાગ્યાના અરસામાં રાતાવીરડા સરતાનપર રોડ સ્વેલ સીરામીક પહેલા નાના પુલીયા પાસે અજાણ્યા વાહન ચાલકે પોતાનું વાહન બેફીકરાઇ અને ગફલતભરી રીતે વધુ સ્પીડમાં ચલાવી બાદરભાઇ બાબરભાઇ ચૌહાણના મોટર સાયકલ હીરો સ્પલેન્ડર રજી.નં જીજે-૩૬-ડી-૬૬૦૩વાળાને પાછળથી ઠોકર મારી બાદરભાઈ તથા પાછળ બેસેલ કરણ અજકુમાર રાણાને શરીરે ગંભીર ઇજાઓ પહોંચાડી અજાણ્યો વાહન ચાલક પોતાનું વાહન લઈને નાસી ગયો હતો. અકસ્માતમાં ઈજાગ્રસ્ત બાદરભાઇનું સારવાર દરમ્યાન મોત નીપજ્યું હતું, જયારે કરણ અજયકુમાર રાણા ગંભીર ઇજાઓને પગલે હજુ સારવાર હેઠળ છે જે મુજબની ફરિયાદ નોંધાવતા હાલ પૌલુસે અજાણ્યા વાહ ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

## પગભરની ટીમ અને મહિલા ગૃહ ઉધોગ અમરેલીના સંયુક્ત ઉપક્રમે મહિલા જાગૃતિ કાર્યક્રમ યોજાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પગભરની ટીમ અને મહિલા ગૃહ ઉધોગ અમરેલીના સંયુક્ત ઉપક્રમે મહિલા જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો આ કાર્યક્રમ માં ૧૦૦ થી વધુ મહિલાઓ એ ભાગ લીધો હતો આ કાર્યક્રમ માં માસિક સ્ત્રાવ દરમિયાન ધ્યાનમાં રાખવામાં આવતી બાબતો, માસિક દરમિયાન સ્વચ્છતા અને સ્ત્રીઓને થતી સમસ્યાઓ અને રોગો વિષે માહિતી આપવામાં આવી હતી અને ત્યાર બાદ મહિલા ગૃહ ઉધોગ ની મહિલા દ્વારા તેઓને થતી માસિક દરમ્યાન સમસ્યા જેવી કે ઇન્ફેકશન, રેસીસ, ખંજવાળ, બળતરા વગેરે ને લગતા પ્રશ્નોતરી કરવામાં આવી અને પગભરના શ્રદ્ધા બેન પંડયા એ તેઓ ને મુંઝવતા પ્રશ્નો ના જવાબ આપવામાં



આવ્યા અને માસિક દરમ્યાન કયા કારણસર, રેસીસ, ખંજવાળ, બળતરા થાય છે તેનું કારણ પ્લાસ્ટિક સીટ પેડ્સ છે આ કાર્યક્રમ ને સફળ બનાવવા માં વિઠલ ભાઈ બાભરોલીયા અને વૈશાલી બેન બાભરોલીયા નો ખુબજ સહકાર આપવામાં આવ્યો છે અને આવા પ્રકાર ના સેમીનાર કરાવવામાં ટીમ પગભર દ્વારા સમ્પર્ક ૯૯૦૯૪૮૭૩૮૭ આપેલ છે.

## મોરબીમાં મરણતોલ માર મારી મોત નિપજાવવાના કેસના ચાર આરોપીઓને આજીવન કેદની સજા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં વર્ષ ૨૦૧૬ માં જુના ઝઘડાનો ખાર રાખી યુવકને ચાર શખ્સો દ્વારા મરણતોલ માર મારતા તેનું છ દિવસની સારવારમાં અમદાવાદ ખાતે મોટ નિપજતા ચારેય આરોપીઓ સામે હત્યાની કલમના ઉમેરા સાથે અટક કરી હતી જે કેસ મોરબી સેસન્સ કોર્ટમાં ચાલી જતા તમામ ચારેય આરોપીને આજીવ કેદની અને ૧ લાખના દંડની સજા ફરમાવવાતો આદેશ કરવામાં આવ્યો છે. આ સાથે એક આરોપીનું અગાઉ અવસાન થયું હતું.




કેસની ટૂંક વિગત મુજ મૃતક જીવણભાઈ રામજીભાઈ ધંધુકીયા પોતાનું મોટર સાયકલ નં. જીજે-૧૩-જેજે-૧૫૬૮ લઇને પીપળીયા ચાર રસ્તાથી પોતાના ઘરે જતા હતા. ત્યારે આરોપી વિનુભાઈ મુળુંભાઈ ચાવડા, જેસંગ પરબત ચાવડા, પ્રવીણ બીજલ હુંબલ અને વાલજી લાખા મિયાત્રાએ જુના ઝઘડાનો ખાર રાખી તેને આંતરી લાકડાના ધોકા તથા લોખંડના પાઇપ વતી જીવણભાઈને આડેધડ શરીરમા માર મારી ડાબા પગમા તથા બન્ને હાથમા માર મારી મુંઢ ઇજા તથા ફેકચર જેવી ઇજા કરી ફરીયાદીને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી જીવણભાઇના મોટર સાયકલમાં તોડફોડ કરી નુકસાન કરતા જીવણભાઈને તા.૧૯ જૂન ૨૦૧૬ થી તા.૨૨ જૂન ૨૦૧૬ સુધી મોરબીની ખાનગી હોસ્પીટલમાં બાદમાં વધુ સારવારમાં તા.૨૨ જૂન ૨૦૧૬ના અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરતા સારવાર દરમ્યાન તા.૨૫ જૂન ૨૦૧૬ના રોજ મૃત્યુ થયું હતું.ઉપરોક્ત કેસ પ્રિન્સિપાલ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજની કોર્ટમાં ચાલી જતા કોર્ટે સરકારી વકીલ સંજય દવે અને વિજયકુમાર જાનીની ધારદાર દલીલોને ધ્યાને લઇ ચાર પૈકી એક આરોપી અવસાન પામ્યા હોય બાકીના ત્રણ આરોપીઓને કસૂરવાર ઠેરવ્યા છે. આરોપી વિનુભાઈ મુળુંભાઈ ચાવડા મૃત્યુ પામ્યા છે. જ્યારે જેસંગ પરબત ચાવડા, પ્રવીણ બીજલ હુંબલ તથા વાલજી લાખા મિયાત્રાને આજીવન કેદ અને ૧ લાખનો દંડ અને દંડ ન ભોગવે તો વધુ ૬૦ દિવસની સજા ફટકારવામાં આવી છે.

## જામનગરમાં ગુજકેટની પરીક્ષા દરમિયાન પરીક્ષા કેન્દ્રોની આસપાસના વિસ્તાર માટે હુકમો જાહેર કરાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા આગામી તા.૩૧/૦૩/૨૦૨૪ ના રોજ ગુજકેટ-૨૦૨૪ ની પરીક્ષા યોજાશે. આ પરીક્ષા દરમિયાન ચોરીના દુષણના કારણે તેજસ્વી વિદ્યાર્થીઓને નિયમોનુસાર પરીક્ષા આપવામાં અડચણ થવાની સંભાવના રહે છે. પ્રશ્નપત્રો કે તેના તૈયાર ઉતરો કોપીયર મશીન દ્વારા સત્વરે તૈયાર થઈ પરીક્ષા ખંડમાં પહોંચવાથી તેમજ મોબાઈલ ફોનથી પરીક્ષાર્થીને મદદ કરવાના બનાવોના કારણે તેજસ્વી વિદ્યાર્થીઓ કે જેઓ નિયમ અનુસાર પરીક્ષા આપતા હોય તેવા વિદ્યાર્થીઓને માનસિક પરિતાપ થવાની સંભાવના રહેલી છે.



ઉક્ત તમામ બાબતોને ધ્યાનમાં રાખતા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ બી.એન.ખેર, જામનગર દ્વારા તેમને મળેલી સત્તાની રૂએ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જેમાં જાહેરાત કરાઈ છે કે, સમગ્ર જામનગર જિલ્લામાં ઉક્ત પરીક્ષા માટે નકકી કરાયેલા પરિશિષ્ટ મુજબના પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના ૧૦૦ મીટરના વિસ્તારની હદમાં કોપીયર મશીન દ્વારા કોપીનો વ્યવસાય કરતા ધંધાર્થીઓ તથા અંગત ઉપયોગ માટે વપરાશ કરતા કોપીયર મશીન ધારકોએ અત્રે જણાવેલા પરિશિષ્ટ મુજબના પરીક્ષા કેન્દ્રોની આસપાસ આગામી તા.૩૧ માર્ચ દરમિયાન સવારના ૦૯:૩૦ કલાકથી સાંજના ૦૫:૦૦ કલાક સુધી તેઓના કોપીયર મશીનો દ્વારા પરીક્ષા વિષયક પત્રો કે દસ્તાવેજી કાગળોની નકલો કાઢવી નહીં.આ ઉપરાંત અત્રે પરિશિષ્ટમાં જણાવેલા મુજબના પરીક્ષા કેન્દ્રોમાં કોઈપણ વ્યક્તિએ મોબાઈલ, ઈલેકટ્રોનિક સાધનો, કેલ્કયુલેટર, ઈલેકટ્રોનિક વોચ કે અન્ય અનાધિકૃત સાહિત્ય વગેરે સાથે પ્રવેશ કરવા પર અને પરીક્ષા કેન્દ્રોની આસપાસ લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે. આ પ્રતિબંધાત્મક હુકમો સરકારી, અર્ધસરકારી કે જાહેર સાહસો સિવાયના સાહસોને લાગુ પડશે નહિ. આ હુકમનો ભંગ કરનાર ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ની કલમ-૧૮૮ તળે શિક્ષાપાત્ર થશે.

જામનગર જિલ્લામાં પરીક્ષા માટે જાહેર કરાયેલા પરિશિષ્ટ મુજબ પરીક્ષા કેન્દ્રોની યાદી નીચે દર્શાવેલ મુજબ છે.સજુબા સરકારી ગર્લ્સ હાઈસ્કૂલ યુનિટ-૧, સજુબા સરકારી ગર્લ્સ હાઈસ્કૂલ યુનિટ-૨, ડી.એસ.ગોજીયા વિદ્યાલય, એ.બી.વિરાણી કન્યા વિદ્યાલય, જી.એસ.મહેતા કન્યા વિદ્યાલય, ડી.સી.સી. હાઈસ્કૂલ, નેશનલ હાઈસ્કૂલ, ભવન્સ એ.કે.દોશી વિદ્યાલય, એલ.જી.હરિયા સ્કૂલ યુનિટ-૧, એલ.જી.હરિયા સ્કૂલ યુનિટ-૨, જે.કે.સોની કન્યા વિદ્યાલય, પ્રણામી હાઈસ્કૂલ અને આર.આર.શાહ હાઈસ્કૂલ..

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# કોઠારીયા રોડ પર શ્યામ પાર્કમાં જુગાર રમતી મહિલા સહિત પાંચ શખ્સોની ધરપકડ

## ડીસીપી ઝોન વન એલસીબી ટીમ દ્વારા દરોડો પાડી રૂપિયા ૭૨,૫૦૦ની રોકડ પબજે કરીઃ જય જવાન જય કિસાન સોસાયટી મેઇન રોડ પર ૨૯ બોટલ વિદેશી દારૂ સાથે બુટલેગર ની ધરપકડ

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના કોઠારીયા રોડ પર આવેલા સેમ પાર્કમાં ડીસીપી ઝોન વન એલસીબી ટીમ યે ચોક્કસ બાતમીના આધારે દરો પાડી જુગાર રમતી મહિલા સહિત પાંચ શખ્સોને દબોચી લઈ રૂપિયા ૭૨,૫૦૦ ની રોકડ કબજે કરી છે.



આ અંગેની પોલીસ માંથી મળતી માહિતી મુજબ ડી.સી.પી જોન વન એલસીબી ટીમના પી.એસ.આઇ બીવી બોરીસાગર તથા હેડ કોસ્ટેબલ વિજુભા ઝાલા તથા સતુભા સહિત નો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાદમી ના આધારે જે કોઠારીયા રોડ પર આવેલા શ્યામ પાર્ક મેન રોડ પર રહેતો કાના રામા ગમારા નામના ભરવાડ સક્ષના રહેણાંક મકાનમાં દરોડો ઉપાડતા જુગાર રમતો કાનારામાં ગમારા મોરબી રોડ પર રાધા મીરા પાર્કમાં રહેતો માધવજી પરસોતમ પનારા સંત કબીર રોડ પર ન્યુ શક્તિ સોસાયટીમાં રહેતો રામદેવસિંહ બહાદુરસિંહ ઝાલા નવાગામ માં આવેલી રંગીલા સોસાયટીમાં રહેતો પ્રકાશ ધીરુ તમે જડિયા તથા દિવ્યા મહેશ કાતરાણી નામની મહિલા સહિત પાંચ શખ્સોને દબોચી લઈ જુગારના પટમાંથી રોકડા રૂપિયા ૭૨,૫૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

જ્યારે અન્ય એક બનાવમાં બી ડિવિઝન પોલીસના પીએસઆઇ કેડી મારુ સહિતનો સ્ટાફ જૂના મોરબી રોડ પર જકાતનાકા પાસે પેટ્રોલિંગમાં હતા ત્યારે જય જવાન જય કિસાન સોસાયટી મેન રોડ પર મફતિયાપરામાં રહેતો સંજય ઉર્ફે દગો ગોવિંદ સોલંકી નામનો બુટલેગર વિદેશી દારૂની અલગ અલગ બોટલ નંગ ૨૯ કિંમત રૂપિયા ૧૪,૫૦૦ ની લઈને નીકળતા પોલીસે તેને દબોચી લઈ દારૂનો જથ્થો કરી ધોરણ સર ની કાર્યવાહી હાથ ધરી છે.

# ઝનાના હોસ્પિટલમાં પાયાની જરૂરિયાતો પુરી પાડવામાં તંત્ર વામણું સાબિત થયું

## ૧૧૮ કરોડના ખર્ચે બનેલી હોસ્પિટલમાં પીવાના પાણીની વ્યવસ્થા જ નથી, શૌચાલયમાં પાણી ન આવતુ હોવાથી લોકોને બહારથી બોટલ ભરીને જવુ પડે છે

**મુખ્ય સમાચાર, રાજકોટ**







રાજકોટમાં ઝનાના હોસ્પિટલ અત્યાધુનિક ૧૧ માળની મેટરનિટી એન્ડ ચાઈલ્ડ હોસ્પિટલ બનાવાઈ છે. આ બિલ્ડિંગ બનતાં ૫ વર્ષ થયાં અને પીએમ મોદીએ એક મહિના પહેલા તેનું લોકાર્પણ કર્યું છે. આ હોસ્પિટલ હાલ ગુજરાતની સૌથી ઊંચી સરકારી મેટરનિટી હોસ્પિટલ હોવાનું ગૌરવ ધરાવે છે. આર્કિટેક્ચર તેમજ મશીનરીની બાબતોમાં પણ મોખરે છે પણ ખાટલે મોટી ખોટ હોય તેમ સૌથી પાયાની જરૂરિયાત એવી પાણીની જ વ્યવસ્થા કરવામાં નપાણિયા અધિકારીઓ નબળા પુરવાર થયા છે.

ઝનાના હોસ્પિટલ ૧૧ માળની છે પણ ત્યાં સૌથી વધુ દર્દીઓ ૧થી ૬ માળ સુધીમાં દાખલ કરાય છે. ત્યારબાદના માળમાં ગંભીર દર્દીઓ તેમજ એડમિનિસ્ટ્રેશન હોય છે.પીવાના પાણીના વિભાગમાં જતા ત્યાં એક મહિલા પાણીની બોટલ લઈને તમામ નળ ચેક કરી રહ્યા હતા પણ પાણી આવતું ન હતું. આરતીબેન નામની આ મહિલાએ કહ્યું કે, તેની બહેનને ડિલિવરી માટે દાખલ કરી છે, પાણીની ખૂબ તંગી છે વારંવાર અહીં આવીને ચેક કરીએ છીએ કે પાણી આવ્યું કે નહીં, અન્યથા બહારથી લાવવું પડશે તે માટે બીજા સગા આવે ત્યાં સુધી રાહ જોવી પડશે. આવી જ હાલત દરેક માળે જોવા મળી હતી.

સૌથી કપરી હાલત દર્દીઓના સ્વજનોની જોવા મળી હતી. કારણ કે, પ્રસૂતા કે નાનાં બાળકોને પીવાના પાણી માટે તો બોટલ ભરી દેવાય પણ જો તેમને શૌચક્રિયા જવું હોય તો શૌચાલયમાં પણ પાણી આવતું નથી એટલે તેમણે હોસ્પિટલની બહાર નીકળે અને કેમ્પસમાં રાખેલા ટાંકામાંથી પાણી ભરે અને બાદમાં ફરી ત્યાં પહોંચે અને ત્યારે દર્દી શૌચાલયમાં જઈ શકે. પ્રસૂતાઓ પોતાના સ્વજનોની આ પીડા સહન કરી શકતી નથી. જો કોઇ દર્દીને ઊલટી થાય કે અચાનક જવું પડે તો ત્યાં તે ગંદકી તેવી જ હાલતમાં પડી રહે અને તેનાથી તો સફાઈ કર્મચારીઓ પણ ત્રાહિમામ પોકારી ગયા છે.

ઝનાના હોસ્પિટલમાં પીવાના પાણી માટે મહાનગરપાલિકામાં નળ કનેક્શન માટે અરજી કરાઈ હતી. જો કે લોકાર્પણ થયા બાદ પણ મનપાએ ઢીલાશ રાખી અને કનેક્શન આપ્યું નહીં. આ કારણે પાણીની ભારે તંગી સર્જાઈ રહી છે. હોસ્પિટલમાં પાણીની ખેંચને પહોંચી વળવા ટેન્કર મગાવાય છે જે ગ્રાઉન્ડ ફ્લોર પરના સમ્પમાં પાણી નાખે અને ત્યાંથી હોસ્પિટલમાં ૧૧ માળની ઉપરના મુખ્ય ટેન્કમાં પાણી પહોંચાડાય છે. તો પણ બપોર સુધીમાં પાણી ખલાસ થઈ જાય છે. ઓછામાં પૂરું સમ્પમાંથી અગાસી પાણી પહોંચાડવાના પમ્પ બગડી જતા તે કામગીરી પણ અટકી ગઈ છે.

પ્રસૂતિ બાદ મહિલાઓને દાખલ કરાય છે તે વોર્ડમાં એક યુવાન બોટલ લઈને જઈ રહ્યો હતો. ઋષભ નામના આ યુવાને કહ્યું કે તેના પત્નીની ગઈકાલે જ પ્રસૂતિ થઈ છે. તેને પાણી આપવું જરૂરી છે પણ અહીંયા ક્યાંય પાણી નથી એટલે ભરવા જવું પડે અથવા તો વેચાતું લેવું પડે. આ દરમિયાન ત્યાં એક મહિલા સુરક્ષાકર્મી હતા જેમને પૂછ્યું હતું કે, પીવા માટે તો ઠીક કોઈને શૌચાલય જવું હોય ક્યાંથી પાણી ભરવાનું! મહિલા સુરક્ષાકર્મીએ કહ્યું કે તે માટે પણ નીચેથી પાણી ભરીને આવવું પડે છે!

હોસ્પિટલ લોકાર્પણના એક મહિના બાદ પણ સૌથી પાયાની જરૂરિયાત એવી પાણીની વ્યવસ્થા કરવામાં તંત્ર વામણું સાબિત થયું છે.

# સહકારી કાયદાની ઉપરવટ જઈ કામગીરી કરતા રાજકોટ તાલુકા અનુ.જાતિ ખેતી મંડળીના પ્રમુખને હોદા પરથી દૂર કરાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ તાલુરા અનુસુચિત જાતિ સામુદાયિક ખેતી સહકારી મંડળી લી.ના પ્રમુખ સહકારી કાયદાની ઉપરવટ જઈને કામગીરી કરતા હોવાની ફરિયાદો ઉઠતા તેની તપાસ કરીને જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા હોદ્દા ઉપરથી દૂર કરતો આદેશ કરાયો હતો.

જિલ્લા રજિસ્ટ્રાર સહકાર દ્વારા કરાયેલા હુકમમાં જણાવાયું હતું કે, પ્રમુખ નિકુંજ ગિરિશભાઈ ચાવડા સામે સભાસદો દ્વારા ફરિયાદો ઉઠાવવામાં આવી હતી. સહકારી કાયદાના નિયમોની ઉપરવટ ચલાવાતા વહિવટ અને સભાસદોના હિત જોખમાય તે રીતે લેવાતા નિર્ણયો અંગે ગત તા.૨૯-૨-૨૪ના રજૂઆતો મળી હતી અને તેની તપાસ કરવામાં આવી હતી. તપાસમાં આ વિગતો તથ્યપૂર્ણ હોવાનુ સાબિત થતા સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ ૭૬ બી હેઠળ કાર્યવાહી હાથ ધરીને હોદ્દા ઉપરથી દૂર કરાયા હતા.

# સુખસાગર સોસાયટીમાં યુવાને પ્રેમ પ્રકરણમાં ફીનાઈલ ગટગટાવ્યું

## બંનેની ઉંમર નાની હોવાથી પરિવારજનોએ એક વર્ષ બાદ સગાઈ કરવાનું નકકી કર્યુ હતું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં ભગવતીપરા વિસ્તારમાં આવેલી સુખસાગર સોસાયટીમાં પ્રેમ પ્રકરણમાં પ્રેમિકાની ઉંમર નાની હોવાના કારણે પરિવારે એક વર્ષ બાદ સગપણ કરવાનું કહ્યું હતું. પરંતુ પરિવાર બહાના બતાવી સગપણ નહીં કરે તેવી દહેશતે પ્રેમી યુવાને ફિનાઈલ પી લીધું હતું. યુવકની તબિયત લથડતા સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ ભગવતીપરા વિસ્તારમાં આવેલી સુખસાગર સોસાયટીમાં રહેતા વિશાલ દીપકભાઈ વડોદરા નામનો ૧૯ વર્ષનો યુવાન યુવાન પોતાના ઘરે હતો ત્યારે રાત્રીના દોઢેક વાગ્યાના અરસામાં ફિનાઈલ પી લીધું હતું. યુવાનની તબિયત લથડતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો આ અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે બી ડિવિઝન પોલીસને જાણ કરતા બી ડિવિઝન પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યો હતો. પ્રાથમિક પૂછપરછમાં વિશાલ વડોદરા મજૂરી કામ કરે છે અને તેને તેના જ કુટુંબની સગીરા સાથે આંખ મળી જતા પ્રેમ પાંગર્યો હતો. વિશાલ વડોદરા સગીર પ્રેમિકા સાથે સગપણ કરવા પરિવારને દબાણ કરતો હતો પરંતુ બંને પરિવાર લગ્ન કરી આપવાની સહમતિ દર્શાવી હતી પરંતુ પ્રેમિકાની ઉંમર નાની હોવાના કારણે એક વર્ષ બાદ સગપણ કરવાનું કહ્યું હતું પરંતુ બંને પરિવાર બહાના બતાવી સગપણ નહીં કરી આપે તેવી દહેશતે વિશાલ વડોદરાએ ફીનાઈલ પી લીધું હોવાનું જાણવા મળ્યું છે. ઉપરોક્ત બંને બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ કરી છે.

# મહેસાણાના લીંચ ગામના પરિણીત પ્રેમી પંખીડાનો બાળક સાથે ગોંડલના તળાવમાં ઝંપલાવી આપઘાત

## મૃતક સંજયે આપઘાત પૂર્વે વેરીતળાવની પાળી ઉપર બેસી ત્રણેયનો ફોટો પાડી મોબાઈલના સ્ટેટસમાં છેલ્લો ફોટો લખી મૂક્યોઃ સ્ટેટસના આધારે ઓળખ પડી

**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગોંડલ નાં વેરીતળાવમાં વહેલી સવારે મહેસાણાનાં લીંચ ગામનાં પરણીત પ્રેમી પંખીડાએ બાળક સાથે જંપલાવી આપઘાત કર્યો હતો.યુવકે પોતાના મોબાઈલનાં સ્ટેટસ માં વેરીતળાવ પાસે ત્રણેય નો ફોટો મુકયો હોય તે આધારે ગોંડલ દોડી આવેલા યુવક નાં કાકા અને મિત્રોએ પોલીસ તથા ફાયરબ્રિગેડને જાણ કરતા સવારે ત્રણેય ની લાશ પાણીમાંથી બહાર કાઢી ગોંડલ સિવિલ હોસ્પિટલ ખસેડી હતી.





આ અંગેની માહિતી મુજબ મહેસાણાનાં લીંચ ગામે રહેતા સંજય ફતાજી ઠાકોર ઉ.૨૨ કીંજલ જશવંતજી ઠાકોર ઉ.૨૨ તથા ધ્રુવીન જશવંતજી ઠાકોર ઉ.૨નાં મળતદેહો વેરીતળાવ નાં પાણી માં તરતા હોય ફાયરબ્રિગેડ દ્વારા બહાર કાઢી હોસ્પિટલ ખસેડાયા હતા.

સંજય અને કીંજલ બન્ને પરણીત છે.અને બન્ને વચ્ચે છેલ્લા અઢી ત્રણ વર્ષ થી પ્રેમ સંબંધ હોય કીંજલનાં બે વર્ષ નાં પુત્ર ધ્રુવીનને લઈ પ્રેમી પંખીડા લીંચથી નાશી જઈ ગોંડલ પંહોચ્યા હતા.ગોંડલ વેરીતળાવની પાળી પર બેસી ત્રણેયનો ફોટો પાડી સંજયે તેના મોબાઇલનાં સ્ટેટસમાં છેલ્લો ફોટો લખી મુકયો હતો.બીજી બાજુ સંજય અને કીંજલ ગુમ થતા તેના પરિવારે લીંચ પોલીસ માં ગુમસુધા નોંધ કરાવી હતી.

દરમિયાન સ્ટેટસમાં મુકેલા ફોટાનાં આધારે સંજયનાં કાકા તથા મિત્રો મોબાઇલનાં લોકેશનનાં આધારે ગોંડલ વેરીતળાવ પંહોચ્યા હતા. સંજય મહેસાણામાં પેપરમીલમાં કામ કરેછે.અને પરણીત છે.જ્યારે કાજલ પણ પરણીત છે અને બે વર્ષ નો પુત્ર ધ્રુવીન છે. બનાવ અગે પોલીસે તપાસ હાથ ધરી છે.

# રેસકોર્ષ ગ્રાઉન્ડમાં ભાઈના સસરાપક્ષનો પોલીસ પુત્ર પર હુમલો

## સામસામે નોંધાઈ ફરિયાદઃ યુવકની સગાઈ થઈ હોય ત્યાં ફોન કરી છોકરો સારો નથી તેમ કહેતા મામલો બીચકયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના રેસકોર્ષ ગ્રાઉન્ડમાં પોલીસ પુત્ર ઉપર ભાઈના સસરા સહિતનાઓએ હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જ્યારે મારામારીમાં સામાપક્ષે પણ યુવાન ઘવાતા બંન્ને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા. આ અંગે પોલીસે સામ-સામી ફરિયાદ પરથી પાંચ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ પોલીસ હેડ ક્વાર્ટરમાં રહેતા પોલીસ પુત્ર ગૌરાંગગીરી પ્રવિણગીરી ગોસ્વામી (ઉ.વ.૨૪) નામના યુવાને પ્ર.નગર પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે તેના ભાઇના સસરા યોગેન્દ્રગીરી મહેશગીરી ગોસ્વામી,

તેના ભાઇ તરૂણગીરી મેહશગીરી, પુત્ર નૈમિષગીરી યોગેન્દ્રગીરી (રે.મોરબી) તથા દિવ્યેશભારથી જીતુભારથી ગોસાઈ (રે.વાવડી રાજકોટ)ના નામ આવ્યા છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ તેની સગાઇ પાયલ સાથે થઈ હોય અને ભાભી વૈષ્ણવીની મામની દિકરી શિવાંગીએ પાયલને ફોન કરી 'આ છોકરો સારો નથી, તુ તેની સાથે સગાઈ તોડી નાંખ' તેમ કહેતા પાયલે ફરિયાદોને વાત કરતા ગૌરવગીરીએ પાલને કહેલુ કે તુ ફોન કરી કહી દેજે કે તમે બંને બહેનો સારી નથી ત્યાર બાદ ભાઈના સસરાએ ફોન કરી સમાધાન માટે રેસકોર્ષ ગ્રાઉન્ડમાં ભેગા થયા બાદ તુ મારી દિકરીની શુ વાતો ઉડાવે છે તેમ કહી ઝઘડો કરી લાકડાના ધોકા વડે હુમલો કરી માર મારતા તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.

જ્યારે સામાપક્ષે મોરબી રહેતા નૈમિષગીરી યોગેન્દ્રગીરી ગોસ્વામી (ઉ.વ.૨૩)એ નોંધાવેલી વળતી ફરિયાદમાં આરોપી ગૌરવગીરી પ્રવિણગીરી ગોસ્વામીનું નામ આપ્યું છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપી તેની બહેન અને બર્નેવીને અવાર-નવાર ફોન કરી હેરાન કરતો હોય જેથી સમાધાન કરવા ભેગા થતાં જાનથી મારી નાખવાની ધમકી આપી છરી વડે હુમલો કરતા તેના વાસાના ભાગે છરીનો ઘા ઝીંકી દેતા તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો હતો. આ અંગે પોલીસે બંન્ને પક્ષોની સામસામી ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# શાપર (વે)ના કારખાનેદારે પોલીસમાં કરેલી અરજીનો ખાર રાખી બે શખ્સોએ આપી ધમકી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં રહેતા અને શાપર વેરાવળમાં કારખાનું ધરાવતા યુવકને રાજકોટમાં રહેતા પઢીયાર બંધુએ અગાઉ કરેલી અરજીનો ખાર રાખીને મારી નાખવાની ધમકી આપતા શાપર પોલીસે ગુનો નોંધી કાર્યવાહી કરી છે.

આ અંગેની માહિતી મુજબ અંબિકા ટાઉનશીપ પાસે ધ કોર્ટયાર્ડમાં રહેતા અને શાપર વેરાવળમાં એસ. આઈ.ડી.સી. રોડ પર જલગંગા પંપ કારખાના પાછળ કેદારેશ્વર ઈન્ડસ્ટ્રીઝ નામનું કારખાનું ધરાવતા વંદન કરશન કંડોરીયા (ઉ.વ.૨૩)એ નોંધાવેલી ફરિયાદમાં આરોપીમાં રાજકોટમાં રહેતા હરેશ ગોવુભા પઢીયાર અને તેના ભાઈ અનિલ ગોવુભા પઢીયારનું નામ આપતા જણાવ્યું હતું કે, ગત તા.૨૧/૩ના રોજ બપોરના તેઓ કારખાને હતા ત્યારે કારખાના પાસે લાલ કલરની કારમાં બંને ભાઈઓ ઘસી આવ્યા હતા અને યુવકને બહાર નીકળ્યો એટલે સમજજે મરી ગયો કહી ધમકી ધમકી આપી ત્યાંથી ભાગી ગયા હતા. જેથી યુવકે આ બાબતે તેના પિતાને વાત કર્યા બાદ પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

જ્યારે આ બનાવ બનવાનું કારણ આપતા કારખાનેદાર યુવકે જણાવ્યું હતું કે, તેમણે હરેશ તથા અનિલ પઢિયાર વિરુદ્ધ અગાઉ જુનાગઢ તથા રાજકોટ ખાતે અરજી કરેલ હોય જેથી આ આરોપીઓએ તેનો ખાર રાખીને ફરી ધમકી આપી હતી.

# ખોડિયારનગર પાસે નવનિર્મિત બિલ્ડીંગના ત્રીજા માળેથી પટકાતા શ્રમિકનું મોત

## આંબેડકરનગરના પ્રૌઢ અકસ્માતમાં ઘવાયા બાદ પથારીવશ હાલતમાં બેભાન થઈ જતા મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં દોઢસો ફૂટ રીંગ રોડ ઉપર પુનિતના ટાંકા પાસે આવેલા ખોડીયારનગરમાં નવનિર્મિત બિલ્ડિંગના ત્રીજા માળેથી અકસ્માતે પટકાયેલા શ્રમિક યુવકનું મોત નીપજ્યું હતું યુવકના મોતથી શ્રમિક પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે.

આ અંગેની માહિતી મુજબ ૧૫૦ ફૂટ રીંગ રોડ ઉપર પુનિતના ટાંકા પાસે આવેલા ખોડીયારનગરમાં રહેતા રાકેશ બચુભાઈ ભાભોર નામનો ૩૫ વર્ષનો યુવાન ગઈકાલે રાત્રીના આઠેક વાગ્યાના એરસામાં ખોડીયારનગરમાં સરકારી સ્કૂલ પાસે નવનિર્માણ પામી રહેલા પ્રાઈમ બિલ્ડિંગમાં હતો ત્યારે અકસ્માતે ત્રીજા માળેથી સીડી પરથી નીચે પટકાયો હતો. યુવાનને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં યુવકની સારવાર કારગત નિવડે તે પૂર્વે જ મોત નીપજતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી છે. પ્રાથમિક પૂછપરછ રાકેશ ભાંભોરને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે અને ગઈકાલે રજા હતી પરંતુ તે બિલ્ડીંગમાં આંટો મારવા જતા ઘટના ઘટી હોવાનું જાણવા મળ્યું છે.

આ ઉપરાંત અન્ય બીજા બનાવમાં નાના મવા રોડ ઉપર આવેલા આંબેડકરનગરમાં રહેતા જેન્તીભાઈ મોહનભાઈ વઘાસિયા નામના ૫૫ વર્ષના આધેડ રાત્રીના સાડા નવેક વાગ્યાના અરસામાં પોતાના ઘરે હતા ત્યારે બેભાન હાલતમાં ઢળી પડ્યા હતા આધેડને બેભાન હાલતમાં તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જય ફરજ પરના તબીબે જોઈ તપાસી મૃત જાહેર કરતા પરિવારમાં શોકની લાગણી પ્રસરી હતી. પ્રાથમિક પૂછપરછમાં બે માસ પૂર્વે જેન્તીભાઈ વઘાસિયા પોતાનું બાઈક લઈને નાનામવા રોડ ઉપર જઈ રહ્યા હતા ત્યારે બાઈક અકસ્માત સર્જાયો હતો. બે માસથી પથારીવસ જયંતીભાઈ વઘાસિયાનુ મોત નીપજ્યું હોવાનું જાણવા મળ્યું છે. ઉપરોક્ત બંને બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ગોંડલના વોરા કોટડા ગામે ૪૪ હજાર ના વિદેશી દારૂ સાથે બુટલેગર ઝડપાયો ભાયાવદરના પડવલા ગામે જુગાર રમતા સાત પત્તા પ્રેમીઓની ધરપકડ

**મુખ્ય સમાચાર રાજકોટ**

ગોંડલ તાલુકાના વોરાકોટડા ગામે ઓરીયો તરીકે ઓળખાતી વાડીના સેટે થી ૪૪ હજારના વિદેશી દારૂ સાથે વાડી માલિકની ધરપકડ કરવામાં આવી છે આ અંગેની પોલીસ માંથી મળતી માહિતી મુજબ ગોંડલ તાલુકા પોલીસના હેડ કોન્સ્ટેબલ જીતેન્દ્રસિંહ વાળા કોન્સ્ટેબલ રાજેશભાઈ બાંભવા સહિતનો સ્ટાફ વોરાકોટડા ગામ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમીના આધારે ઓરીઓ તરીકે ઓળખાતી વાડી માં દડો પાડતા વાડીના સેટેથી વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની ૪૪ બોટલ અને ૪૫ ચપલા સહિત કુલ રૂપિયા ૪૪,૨૫૦ નો મુદ્દા માલ મળી આવતા પોલીસે વાડી માલિક સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

જ્યારે અન્ય એક બનાવવામાં ભાયાવદરના પડવલા ગામે એએસઆઈ એમબી સુવા કોન્સ્ટેબલ યાસીન મિયા સહિતના સ્ટાફે દ રોડ પાડી જાહેરમાં જુગાર રમતો દોસ્ત મહંમદ હુસેન મથુકોત્રા તથા કિશોર રામા બેડવા તથા યુનીસ ઉર્ફે પીરીયો ઈબ્રાહીમ મઘરા તથા દિનેશ ગોવિંદ મકવાણા તથા હિતેશ જીતેન્દ્ર પરમાર તથા અનિલ ઉર્ફે ખેરો મનસુખ ક્નેરિયા અને મહંમદ સિદ્દીક પટ્ટા સહિત સાત શખ્સોની ધરપકડ કરી જુગારના પટમાંથી રોકડા રૂપિયા ૧૮૫૬૦ નો મુદ્દા માલ કબજે કરી ધોરણ સર ની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# જડેશ્વર સોસાયટીમાં લગ્ન પ્રસંગમાં ગયેલા પરિવારના મકાનમાંથી રૂા.૬૩ હજારની મતાની ચોરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં વધુ એક ચોરીનો બનાવ બન્યો છે. ખોખડદળ નદીના પુલ પાસે વેલનાથપરાની બાજુમાં જડેશ્વર સોસાયટીમાં શેરી નં. ૧માં રહેતા રોહીતભાઈ જીણાભાઈ ધોળકીયાના સવારથી સાંજ સુધી બંધ મકાનમાં તસ્કરો ત્રાટક્યા હતા અને રૂ.૬૩ હજારની ચોરી કરી ગયા હતા. રોહીતભાઈ જીણાભાઈ ધોળકીયાએ પોલીસ ફરિયાદમાં જણાવ્યું કે, ગત તા ૨૭/૨ના રોજ પોતે પરિવાર સાથે ૧૫૦ ફૂટ રિંગ રોડ ઉપર ખોડીયારપરામાં રહેતા કાકાના દીકરા મયુર દિનેશભાઈ ધોળકીયાના લગ્નમાં ગયા હતા. બાદ સાંજે લગ્નમાંથી પરત આવતા દરવાજાનું તાળુ તેટલુ હતું. અંદર જઈને તપાસ કરતા રૂમમાં સામાન વેરવિખેર જોવા મળ્યો હતો. અને કબાટ ખુલ્લો અને તિજોરી તુટેલી હતી જેમાં રાખેલ રૂા. ૬૩૦૦૦ની કિંમતના સોના-ચાંદીના દાગીના ચોરી થયા હોવાનું જાણવા મળતા આ બનાવ અંગે તુરત જ પોલીસને જાત કરતા આજીડેમ પોલીસ જડેશ્વર સોસાયટીમાં ચોરીના બનાવ સ્થળ પર પહોંચી રોહિતભાઈની ફરિયાદ નોંધી તસ્કરનું પગેરું મેળવવા તપાસ હાથધરી હતી.

# બામણબોર GIDCમાં સગીરાનો ગળાફાંસો ખાઈ આપઘાત

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ અમદાવાદ હાઈવે પર આવેલા બામણબોર જીઆઇડીસીમાં કારખાનાની ઓરડીમાં રહેતી પ્રાચી રમેશભાઈ ટેલી નાની ૧૬ વર્ષની સગીરાયે કોઈ અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ લેતા બેભાન હાલતમાં સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવતા ફરજ પરના તબીબોએ તેણીને જોઈ તપાસી મૃતક જાહેર કરી હતી બનાવના પગલે શ્રમિક પરિવારમાં તરુણ કલ્પત સર્જાયો હતો. આ અંગેની જાણ એરપોર્ટ પોલીસ મથકે કરવામાં આવતા હેડ કોન્સ્ટેબલ પીજી ઝાલા સહિત હોસ્પિટલ ખાતે દોડી જઈ પ્રાથમિક તપાસ હાથ ધરી હતી.

# સ્વામિનારાયણ મંદિરના પાર્કિંગમાંથી રૂા.૧૧ લાખની કાર તસ્કરો હંકારી ગયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમા તસ્કરોએ હવે મંદિરને પણ મૂક્યા નથી ગુરુવારે સાંજના સમયે કાલાવડ રોડ પર આવેલા બી.એ.પી.એસ. સ્વામી નારાયણ મંદિરના પાર્કીંગમાંથી કોઈ તસ્કર રૂ.૧૧ લાખની અર્ટીગા કાર ચોરી જતાં ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધયો છે.

આ અંગેની માહિતી મુજબ કાલાવડ રોડ પર સ્વામી નારાયણ મંદિરના ટ્રાન્સપોર્ટ મેનેજર અંકિતભાઈ ।જેશભાઈ પટેલ દ્વારા નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે બી.એ.પી.એસ મંદિરની ૨૯ વાહનોની દેખરેખ રાખી તેનું મેનેજમેન્ટ કરે છે.જેમાં ગુરુવારે મંદિર પર હતા ત્યારે સાંજના સમયે કોઈ અજાણ્યો તસ્કર મંદિરના પાર્કિંગમાં ઘૂસી સફેદ કલરની અર્ટીગા કાર જેના રજી.નં.GJ-01-WE-8634 વાળી હંકારી જતાં આ મામલે ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ પીએસઆઈ એન. વી.હરિયાણીને સોંપવામાં આવી છે.